Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૮ મું ] [ અંક ૨ જો

માર્ગશીર્ષ

ઇ. સ. ૧૯૫૧ ૫ મી ડીસેમ્બર

વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૮ મું અંક ૨ જો. } **માર્ગશીર્ષ** { વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮


## अनुक्रमणिका


૧. श्री कर्हेटकपार्श्वनाथ स्तोत्रम् ... ( સંપા. મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ) ૨૫

૨. પ્રવાસ ક્યારે પૂરો થશે ? ... ( શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર' ) ૨૬

૩. ચિંતન ... ... ... ... ( મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી ) ૨૭

૪. સ્વાતિ-બિન્દુ ... ... ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૮

૫. સમાધિ-સોપાન ... ... ( સં. ડો. વલ્લભદાસ નેણશીભાઇ ) ૩૩

૬. વિરહિણી ... ... ... ... ( શ્રી પન્નાલાલ જ. મસાલીયા ) ૩૫

૭. મહોપાધ્યાય ધર્મસાગર ગણિની જીવનરેખા ... ... ...
( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A. ) ૩૬

૮. સભાની કાર્યવાહીનો આઠ વર્ષનો સંક્ષિપ્ત રિપોર્ટ ... .. ૪૧

૯ ભાવનગર પાંજરાપોળનો ફાળો ... ... ... ... ... ...

૧૦ પ્રકીર્ણ ... ... ... ... ... ... ... ટા. પે. ૩



## ખાસ અપીલ

કાગળ તથા પ્રીન્ટીંગની મોંઘવારી હોવા છતાં સભાએ હાલમાં જ શ્રી **ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર પર્વ ૧-૨ ભાષાંતર છપાવેલ છે.**

**આ પુસ્તકની છઠ્ઠી આવૃત્તિ એ જ તેની લોકપ્રિયતાની નિશાની છે.**

**કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ** પોતાના જ્ઞાનના નિચોડરૂપ આ ત્રેશઠ શલાકા પુરુષચરિત્રની રચના કરી છે, જે સરલ, સુગમ્ય અને બોધદાયક છે જેના પાને-પાને હિતોપદેશ ઠાંસી-ઠાંસીને ભર્યો છે. ઊંચી જાતના ક્રાઉન આઠ પેજી સાઇઝના આશરે ચાર સો પાનાના આ દળદાર ગ્રંથનો સૌ કોઈ લાભ લઇ શકે તે હેતુથી આ ગ્રંથમાં સહાયની અપેક્ષા છે. સૌ કોઇ જ્ઞાનપ્રેમી સજ્જન જ્ઞાનપ્રચારનો લાભ મેળવી શકે તે હેતુથી છૂટક મદદ લેવાનું સ્વીકાર્યું છે તો યથાશકિત ફૂલ નહીં તો ફૂલની પાંખડીરૂપ મદદ મોકલી જ્ઞાન-દાનનો અપૂર્વ લાભ લેશો.

સહાયકોનું લિસ્ટ પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી ભોગીલાલભાઈનું અભિનંદનીય કાર્ય

## ભાવનગર પાંજરાપોળ માટે એકત્ર કરેલ સુંદર ફાળો

વિ. સં. ૨૦૦૫ ના દુષ્કાળ સમયે ભાવનગરની પાંજરાપોળને સાતસો ઢારો નિભાવવા માટે, રૂા. ૫૦૦૦૦) ની જરૂર પડી, જે ઉદારદિલ શેઠ શ્રી ભોગીલાલભાઇ



મગનલાલે સંસ્થાને વગરવ્યાજે લોનરૂપે ધીર્યા, તેવામાં સં. ૨૦૦૭ નો બીજો ભયંકર દુષ્કાળ આવી પડતાં જૂના દેવાને તથા નવા ખર્ચને પહોંચી વળવા માટે પાંજરાપોળ માટે ફંડ કરવાનું નિર્ણીત થયું અને પાંજરાપોળના પ્રમુખ **શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલ, શેઠશ્રી ખાન્તિલાલ અમરચંદ વોરા, શ્રી અમરચંદ કુંવરજી શાહ** તથા **શ્રી છોટાલાલ નાનચંદ શાહ** સાથે મુંબઈ જતાં, તેઓશ્રીના શુભ પ્રયાસથી રૂા. એકાશી હજાર જેટલું સુંદર ફંડ ફક્ત આઠ જ દિવસમાં થયું છે. પરોપકારના દરેક કાર્યોમાં તેઓશ્રી હંમેશાં અગ્રગણ્ય જ રહ્યા છે, અને દરેક શુભ પ્રસંગની માફક આ વખતે પણ પોતે કાંડે ઘા ઝીલી ફંડની શરૂઆત કરી અને પોતાના સ્નેહીજનોના સહકારથી મુંબઇખાતેથી રૂા. એકાશી હજાર એકત્ર કર્યાં છે, જે મૂંગી દુનિયાને આશીર્વાદ સમાન છે. શેઠ શ્રી ભોગીલાલભાઇના પુરુષાર્થ અને લાગવગથી મોટી રકમ એકઠી થઇ છે અને પાંજરાપોળને કટોકટીના સમયમાં જીવિતદાન મળ્યું છે. અમો ફંડ કમિટીને તેના પ્રયાસ માટે અંતઃકરણપૂર્વક અભિનંદન આપીએ છીએ.

શ્રી જૈનધર્મ પ્રસારક સભાના અગ્રગણ્ય સભ્યોએ જીવદયાના કાર્યમાં હંમેશાં રસ લીધો છે. આ સભાના સદ્ગત પ્રમુખ શ્રી કુંવરજીભાઇ ઘણા વર્ષો સુધી પાંજરાપોળના સેક્રેટરી હતા. બે વખત દુષ્કાળ પ્રસંગે લોટરી કાઢી તથા ફંડ એકત્ર કરવાનો તેમનો શુભ પ્રયાસ હતો. તેઓશ્રી અને બીજા ગૃહસ્થો, દશેક વર્ષ પહેલાં, મુંબઇ શહેરમાંથી રૂા. પચાશ હજાર પાંજરાપોળના ફંડમાં લાવ્યા હતા. આપણી સભાના નાદુરસ્ત પ્રમુખશ્રી જીવરાજભાઇ પણ આ કાર્યમાં ઘણો રસ લે છે. તેઓ ઘણા વર્ષ પર્યન્ત પાંજરાપોળના પ્રમુખ હતા. તબીયતના કારણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલમાં તેઓ પાંજરાપોળના પ્રમુખની જવાબદારીમાંથી મુક્ત થયા છે. શેઠશ્રી ભોગીલાલભાઈ આપણી સભાના ઉપપ્રમુખ છે અને શ્રી અમરચંદ કુંવરજી સભાના સેક્રેટરી પાંજરાપોળની મૂકસેવા ઘણાં વર્ષોથી કરે છે. એટલે જીવદયા તેમજ પશુ-રક્ષણના કામમાં ભાવનગરમાં આ સભાનો સારો હિસ્સો છે.

મુંબઈખાતે મળેલ સહાયની યાદી નીચે પ્રમાણે છે.

## સહાયકોની નામાવલિ

૭૫૧૧ શેઠ ભોગીલાલ મગનલાલ,
૫૦૦૧ શેઠ શાંતિલાલ મંગળદાસ,
૫૦૦૧ શેઠ ગુણવંતરાય ટી. કામદાર
૫૦૦૧ શેઠ માણેકલાલ ચુનીલાલ,
૫૦૦૧ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦૧ શેઠ પ્રાગજીભાઈ ઝવેરભાઈ,
૫૦૦૧ એક સદ્‌ગૃહસ્થ
૫૦૦૧ શેઠ વાડીલાલ ચત્રભુજ હ્થુ,
૩૦૦૧ શેઠ મગનલાલ પરભુદાસ,
૩૦૦૧ શેઠ ભગવાનદાસ છગનલાલ,
૨૫૦૧ ,, સર ચુનીલાલ ભાઈચંદ મહેતા
૨૫૦૧ શેઠ છગનલાલ કસ્તુરચંદ,
૨૫૦૧ એક સદ્‌ગૃહસ્થ
૨૦૦૧ શેઠ દલીચંદ પરશોતમદાસ,
૨૦૦૧ શેઠ રતિલાલ વર્દ્ધમાન,
૧૫૦૧ શેઠ પુરુષોતમદાસ સુરચંદ,
૧૫૦૧ શેઠ ગોપાળદાસ પી. પરીખ,
૧૫૦૧ શેઠ જીવતલાલ પ્રતાપસી,
૧૦૦૧ શેઠ જમનાદાસ નરોત્તમદાસ ભાઉ ઝવેરી,
૧૦૦૧ શેઠ જે. ખુશાલદાસ,
૧૦૦૧ શેઠ છોટાલાલ જમનાદાસ,
૧૦૦૧ ,, રામજીભાઈ હંસરાજ કામાણી
૧૦૦૧ શેઠ સી. પી. શાહ,
૧૦૦૧ શેઠ જાદવજી નરશીદાસ,
૧૦૦૧ શેઠ રમણલાલ દામોદરદાસ (રેયોન મીલવાળા)
૧૦૦૧ શેઠ મણીલાલ દુર્લભજી,
૧૦૦૧ શેઠ એ. એચ. ભીવંડીવાળા,
૧૦૦૧ શેઠ પોપટલાલ કેવળદાસ
૫૦૧ શેઠ નરોતમદાસ કેશવલાલ,
૫૦૧ એક સદ્‌ગૃહસ્થ
૫૦૧ શેઠ વાડીલાલ દોલતરાય,
૫૦૧ શેઠ છોટાલાલ મગનલાલ (ખાનદાન),
૫૦૧ શેઠ આર. રતિલાલની કુંપની,
૫૦૧ શેઠ પરભુદાસ હરગોવિંદદાસ,
૫૦૧ શેઠ હેમચંદ ચત્રભુજ,
૫૦૧ શેઠ ચંદુલાલ ટી. શાહ,
૫૦૧ શેઠ છોટાલાલ જીવરાજ, (ગલીયા કોટવાળા)
૫૦૧ શેઠ ઓઘડભાઈ રામજી,
૨૫૧ શેઠ ફતેહચંદ ઝવેરભાઈ
૨૫૧ શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીયા હ. હિંમતલાલ,
૨૫૧ શેઠ છોટાલાલ ગિરધરલાલ,
૨૫૧ શેઠ ચુનીલાલ માણેકચંદ,
૨૫૧ રા. બ. જેશારામ ફતેહચંદ,
૨૦૧ એક સદ્‌ગૃહસ્થ હ. શેઠ પરશરામ પારૂમલ,

૮૧૦૦૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૮ મું. અંક ૨ જો | : માર્ગશીર્ષ : | વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

## ॥ श्रीकर्हेटकपार्श्वनाथस्तोत्रम् ॥

आनन्दनन्दकुमुदाकरपूर्णचन्द्रम्, विश्वत्रयीनयनशीतलभावचन्द्रम् ।
उद्दंडचंडमहिमारमया सनाथम्, नित्यं नमामि कर्हेटकपार्श्वनाथम् ॥ १ ॥
नाथ ! त्वदीयमुखमंडनमीक्षमाणो, नायं जनो लवणिमापरिपारमेति ।
पोतप्रयत्नचालितोऽपि कदापि किंवा, जङ्गम्यते चरमसागरपुष्करान्तम् ॥२॥
कान्तं तवेश ! नयनद्वितयं विलोक्य, कारुण्यपुण्यपयसा भरितं सरोवत् ।
मल्लोचने हरिणवत् चपले चिराय, सन्तोषपोषमयतां भुवि दाहतप्ते ॥ ३ ॥
कल्पद्रुमो मम गृहाङ्गणमागतोऽद्य, चिन्तामणिः करतले चटितोऽद्य सद्यः ।
यद्याश्रिता मम पदो सुरधेनुरेव, यद्भेटितोऽसि कर्हेटकपार्श्वदेव ! ॥ ४ ॥
सिद्धानि मेऽद्य सकलानि मनोगतानि, पापानि पार्श्वजिन ! मे विलयं गतानि ।
याचे न किंचिदपरं भवतो गभीरम्, ध्यानं तवास्ति यदि मे हृदि मेरुधीरम् ॥५॥

संपा०–मुनिश्री विद्यानंदविजयजी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રવાસ ક્યારે પૂરો થશે ?

(શ્રી બાલચંદ હીરાચંદ, "સાહિત્યચંદ્ર"—માલેગામ)

(ભુજંગપ્રયાત.)

અનંતા જરા જન્મ ને મૃત્યુ ફેરા, અહો ! ક્રૂર એ માર્ગ સંસારકેરા;
પ્રવાસે જુઓ નીકળ્યો હું સદાનો, અહો ! ચક્રમાં ગૂંચવ્યો ખાસ જાણો. ૧
ખરો થઈ ફરું છું સદાનો પ્રવાસી, ગયો કાળ એવો અનંતો ઉદાસી;
થયો કયાં થકી તે શરૂ હું ન જાણું, થવાનો કિહાં પૂર્ણ તે ના પિછાણું. ૨
કયું ધ્યેય મારું ન જાણું ન કાંઇ, થઈ આંધળો હું ફરું જાણુ ભાઇ;
અહો ! કેટલો દીર્ઘ મારો પ્રવાસ, કહો કેટલો કાળ લાંબો પ્રયાસ. ૩
થયો જન્મ કયાં માહરો કોણ કાળે, અહો ! દીર્ઘ ચિંતા સદા ચિત્ત બાળે;
સદા રાત જાએ ઊગે દીન નિત્ય, જુઓ ચક્ર એ દુષ્ટ ચાલે પ્રશસ્ત. ૪
ગયા માસ ને વર્ષ સંવત્સરો કેઇ, યુગો આથમ્યા છે મને સાથમાં લેઇ;
જુઓ કાળનું એ મહાચક્ર મોટું, નહીં અંત એનો વસે દીર્ઘ મોટું. ૫
કેઇ દેહ છોડ્યા કેઇ માય બાપ, કેઇ જોડીયા કૂટ સંબંધ આપ;
રડાવ્યા ઘણાને ફૂડા પ્રેમ તોડી, હસાવ્યા કેઇ લોકને પ્રેમ જોડી. ૬
રમ્યો નાટ્ય નાચી વિસર્જ્યો તથાપિ, ફરી વેશ બીજો કર્યો તે ઉથાપી;
હજુ અંત દીસે ન મારા પ્રવાસે, વિના હેતુ ચાલ્યો ન આત્મા વિકાસે. ૭
મને દાખવો અંત એ ચાલવાનો, કયો માર્ગ ટૂંકો શ્રમો ટાળવાનો;
હવે થાકીયો હું ઘણું દીર્ઘ ચાલી, ઘણું દોડીયો હું સદા મૂઠ વાળી. ૮
અનંત શ્રમો વેઠીયા થાક લાગ્યો, અહો ! માહરો સર્વ ઉત્સાહ ભાગ્યો;
બતાવો મને કોઇ એવો ઉપાય, ટળે એ સદાના પ્રવાસો અપાય. ૯
પ્રવાસો સદાના નહીં કોઈ અંત, અહો છૂટવા દાખવો કોઇ સંત;
ટળ્યો જેહનો હોય એહ પ્રવાસ, મને દાખવો કોઇ એવો સુવાસ. ૧૦
મને કોઇ ભેટે ખરો સંત સાધુ, અહો ! તેહની સાહ્યથી કાર્ય સાધું;
અનાદિ ખરો એહ સંસાર મોટો, પડ્યા ચક્રમાં સર્વ દુઃખે ન ટોટો. ૧૧
મને ટાળવો છે કરી એહ સાંત, થયું માહરું ચિત્ત સંભ્રાંત પ્રાંત;
બતાવો મને ટાળવા સર્વ ફેરા, ઉપાયો ખરા સાધુ ને સંતકેરા. ૧૨
થવું છે મને મુક્ત સંસાર ટાળી, જરા મૃત્યુ ને સર્વ સંતાપ બાળી;
અહો હે પ્રભો ! ઊગશે દીન એવો, મને લાગશે ધન્ય પીયૂષ જેવો. ૧૩
સહુ એ પ્રવાસી ખરો માર્ગ પામો, ખરું સચ્ચિદાનંદનું રૂપ જામો;
ખરી ભાવના એહ **બાલેન્દુ**ની છે, થજો પૂર્ણ સાધુકૃપાથી બની જે. ૧૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિં....ત....ન

**આમ** જો, જમણી બાજુ નહિ, પણ તારી ડાબી બાજુ. ગઈ કાલે અહિં, સામે પેલો વડલો કેવો શોભતો હતો ! એની કેવી મધુરી ઘટાદાર છાયા હતી ! ત્યાં કેટલાં પંખીઓ કિલ્લોલ કરતાં હતાં ? આપણે પણ, ઘણીવાર, ત્યાં જઈને વિશ્રાન્તિ લેતા ખરું ને ? પણ આજ ? આજ તો ત્યાં છાયા પણ નથી, પેલો મોટો વડલો પણ નથી અને ત્યાં આનંદથી નૃત્ય કરતાં પંખી પણ નથી !

આજે એક વાવાઝોડું વાયું ને એ મહા-વડલો મૂળમાંથી ઊખડી ગયો !

શું ગઈ કાલે આપણે કે કોઈએ પણ એવી કલ્પના કરી હતી કે, આવતી કાલે આ મહાવૃક્ષ મૂળમાંથી ઉખડી જશે અને પાન્થને અને પક્ષીઓને આનંદ આપતો આ વડ, સદાને માટે વિલીન થઈ જશે ?

મિત્ર, મિત્ર ! આ પ્રસંગ તું તારા ધ્યાનમાં લે. ન ફૂલા. જરા વિચાર કર. આજનું સુખ જોઇ, તું મનમાં મલકાય છે, તારો વૈભવ જોઈ, તું પ્રસન્ન બને છે, હર્ષથી નાચે છે, આનંદમાં માચે છે; પણ મારા ભાઈ ! જરા વિચાર કરવા ઊભો રહે. આ સુખ સદા રહેવાનું છે ? આ વૈભવ નિત્ય ટકવાનો છે ? આ સાધનો તને શાશ્વત શાન્તિ આપવાનાં છે ? અરે ! કેમ ભૂલી જાય છે તું ? ઘણી વાર તો સુખના એક જ ડગલા પછી, ભયંકર દુઃખ વાટ જોઈને જ ઊભું હોય છે ! માત્ર એક જ પળ પછી એ અણધારી રીતે ભેટી પડે છે, અને એનો ભેટો થતાં, તારાં આ સાધનો ક્યાં ચાલ્યાં જશે એની તને ખબર પણ નહિ પડે.

સુખનાં સ્વપ્નો સળગી જશે, અરમાનોની સૃષ્ટિ નષ્ટ થશે, દુઃખના પર્વતો તૂટી પડશે, આનંદની દુનિયા ઊડી જશે, આશાના મીનારા ઓગળી જશે અને વિપત્તિની રાત્રિ, તારી ચારે તરફ છવાઈ જશે; ત્યારે તારી નજર ક્યાંય નહિ પહોંચે, અન્ધકારને લીધે તું એક પગલું પણ નહિં ભરી શકે, તારી સાથે ગેલ કરનારા મિત્રો અદૃશ્ય થશે, વાતો કરનારા ખસી જશે–માત્ર દુઃખ, તારાં ન ઇચ્છવા છતાં, સાથીદાર બની જશે; માટે આ ઢળી પડેલા વડલા પર એક પળ શાન્ત નજર નાખ. વૈભવના ઘેનને ઉતારી, સ્વસ્થ થઈ વિચાર કર.

તું જે દોરી પર નાચી રહ્યો છે, તે દોરી કાચા સૂતરની છે. એને તૂટતાં વાર નહિ લાગે, અને દોરી તૂટશે એટલે તને જોઈ ખુશ થનારા–તાળીઓ વગાડનારા એક મંદસ્મિત કરી ચાલતા થશે. કહેશે–કેવો મૂર્ખ ! ખૂબ નાચતો હતો, પાગલ બનીને કૂદતો હતો, પણ એટલુંય ભાન ન રાખ્યું કે—આ દોરી કાચા સુતરની હતી !–જોનારા આટલા શબ્દો બોલી ખસી જશે, પણ તારું શું થશે તેની કલ્પના મને ધ્રૂજાવે છે. હાડકાં ભાંગી જશે, અપંગ બની જઈશ; માટે, ઓ અનન્તના પ્રવાસી ! આ પડેલા મહાવૃક્ષને જોઈ **જીવનનો વિચાર કર !**

**મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ )**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાતિ-બિન્દુ

( લેખકઃ—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી )

## ચોર પિતા-પુત્ર

'સ્વાતિ' એ સત્યાવીશ નક્ષત્રોમાં એવું ચમત્કારી ગણાય છે કે એ વેળા જે વર્ષા થાય છે એ અતિ ફળદાયી નિવડે છે અને એ વેળા જળના જે બિન્દુઓ કાળી માછલીના પેટમાં પડે છે એ સાચા મોતીરૂપે તૈયાર થાય છે. કુદરતની ઉક્ત લીલાને બંધ બેસે એવું એક દૃષ્ટાંત ભગવંત શ્રી મહાવીર દેવના સમયે બનેલું અહીં રજૂ થાય છે.

વૈભારગિરિ એ રાજગૃહી જેવી મહાન્ નગરીની સમીપમાં આવેલ પાંચ ટેકરીઓમાંની એક. એની વનરાજી અને જુદા જુદા એકાંત પ્રદેશો જેમ સંત-મહંતને ધ્યાન અને આત્મચિંતવન માટે ઉપયોગી, તેમ એની અંધારી કંદરાઓ—અંધકારભર્યાં ભોંયરાઓ એ ચોર-લૂંટારાના ગુપ્ત નિવાસો માટે કામમાં આવતાં સ્થાનો ટૂંકમાં કહીએ તો પ્રકાશ અને અંધકારરૂપ વિરુદ્ધ સ્વભાવી યુગલ માટેનું સંયુક્ત સ્થળ તે વૈભારપર્વત.

આશ્ચર્ય પણ શા માટે? વિરુદ્ધ પ્રકૃતિધારી જોડલા આજકાલના નથી પણ અનાદિ કાળના અસ્તિત્વવાળા છે. પ્રકાશ-અંધકાર, જ્ઞાન-અજ્ઞાન, સત્-અસત્ આદિ કંઇક. એકના અભાવથી બીજાના અસ્તિત્વની પ્રતિતી મળે છે; એટલે ઉભયના સહચારથી અજાયબી ધરવાનું કારણ નથી.

એવી એક કંદરામાં, જ્યાં સહસ્રરશ્મિના કિરણોનો પ્રવેશ તો નહીં જેવો લેખાય પણ તેજસ્વી ને પાણીદાર હીરા, મણિ અને રત્નોના ઢગથી ઝળઝળાયમાન વાતાવરણ સર્જાયું છે, અંધકારની અસર જણાતી પણ નથી, એવા એક ખંડના મધ્યભાગે સુંવાળી શય્યામાં એક પુરુષ વ્યક્તિ, રોગથી પીડાઇ, સાવ નંખાઇ ગયેલી દશામાં પડેલી દૃષ્ટિ-ગોચર થાય છે. નજિકમાં દવાના પડીકા, અને પાણી તેમજ અન્ય પ્રવાહી પદાર્થો પડેલાં છે. બાજુમાં જેના અંગે અંગમાંથી યૌવન થનગનાટ કરી રહ્યું છે એવો એક તરુણ, પ્યાલામાં કંઇક ઓસડ ઓગાળી, આજારીને પી જવાની પ્રાર્થના કરતો નજરે પડે છે. એના મુખમાંથી બહાર પડતાં શબ્દો સંભળાય છે કે-પિતાજી! લ્યો, આ દવા. વૈદરાજે કહ્યું છે કે એનાથી જરૂર ફાયદો થશે.

ફાયદો! હી, હી, હી! મારા ગાત્રો જ આગાહી કરી રહ્યાં છે કે ઉઠાગીરીની ઘડીઓ ગણાઇ રહી છે! મગધ જેવા મહાન્ દેશમાં મારી ચૌર્યકળાથી મશહૂર બનેલો હું આ રોગથી હતાશ થયો છું એમ ન સમજીશ. દીકરા! બધા રોગના ઉપાય છે પણ મરણરૂપ મહારોગનો ઉપાય નથી! એક કવિનું વચન મારા હૃદયમાં રમી રહ્યું છે અને તે એ કે—

થતાં દરબારનો ડંકો, રહે નવ ગર્વ બંકાનો;
શૂરાનો પણ સમય આવે, સમાધમાં સમાયાનો.

એટલે મને મરણ આવે તેની ભીતિ નથી. એને મુઠીમાં રાખીને તો આ સંપત્તિના ઢગ ખડકયા છે! શ્રેણિક ભૂપ જેવા પ્રતાપી રાજવીના રાજ્યમાં મેં જેવી તેવી ચોરીઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી નથી. મરણાંત સાહસ ખેડ્યા છે! ભલભલા નગરરક્ષકોને ઉંઠાં ભણાવ્યા છે! ચોકીદારોની આંખમાં ધૂળ નાંખી, શ્રીમંતોના ખીસા પર કાપ મૂકયા છે! પીછો પકડનાર સૈનિકોને ભ્રમમાં નાંખી, અરે! હાથવેંતમાં આવવા ટાણે, હાથતાળી આપી હું આબાદ છટકી ગયો છું! સાહસ વિના લક્ષ્મી સાંપડતી નથી અને મેં એમાં પદારોપણ કર્યા પછી, એને એટલી હદે વિકસાવ્યું છે કે તારી આસપાસ જે આ ઝળહળતો ગંજ જણાય છે એ એનાં ફળરૂપે પ્રાપ્ત થયેલ છે અને એક નામીચા ચોર તરીકે માત્ર રાજગૃહમાં જ નહીં પણ સારાયે મગધ દેશમાં-એના દરેક ખૂણામાં, અને બહારના કાશી-કોશલ પર્યંત આ લોહખુરનું નામ મશહૂર બન્યું છે.

પિતાશ્રી! તો પછી આપશ્રીના ચહેરા પર નિસ્તેજતા કેમ દેખાય છે?

રોહણ! એ કહેવા સારુ તો તને ખાસ બોલાવી મંગાવ્યો. યમરાજનું તેડું હાથવેંતમાં પામી જનારો હું હવે આ ઓસડીયાંના ઘુંટડા ગળે ઉતારવા નથી ઇચ્છતો. મારા મનમાં જે એક ચિંતા ઘર કરી બેઠી છે તે એટલી જ કે-તું મારી આ નામના જીવતી રાખશે કે એને નષ્ટ થવા દેશે?

તું મારો એકલવાયો પુત્ર છે અને મરતી વેળા હરકોઈ બાપને એ આશા તો રહે કે પુત્ર ધંધાને વધારે ખેડે અને પિતાની આબરૂમાં વધારો કરે. અરે! બાપ કરતાં બેટા જ સવાઈ નિવડે. દુનિયા ભલે ચોરીના ધંધાને હલકો માને, એને નિંદે, અને રાજસત્તા એ માટે કાનૂનો ઘડે, તુરંગો ઊભી કરે, અને પકડવા સારુ સૈનિકોની ફોજ રાખે. છતાં એ પણ સાચું છે કે પ્રમાણિકતાથી વેપાર ખેડી કેટલા ધનવાન બને છે? આડાઅવળા પાસા ફેંકયા વિના, જાતજાતના સાહસો ખેડયા વગર, ઢગલાબંધ ધન સાંપડતું નથી જ. કોઇ ઉઘાડા ચોર, તો કોઈ ઢાંકયા ચોર! ઉપર વર્ણવ્યા એવા રક્ષણ સાધનો અવગણીને, કળા-કૌશલ્ય દાખવીને, પારકાનું દ્રવ્ય હરવું અને પકડાયા વિના સહીસલામત છટકી જવું એમાં ઓછી આવડત નથી. તેથી જ શરૂમાં જણાવ્યું તેમ આ એક કળા છે. મરણ પથારીએ પડેલા પિતાની છેલ્લી અભિલાષા એ જ હોય કે પોતાના વારસના હાથે વંશ-પરંપરાનો વ્યવસાય ચાલુ રહે.

પિતાશ્રી, તમારી વાત સાચી માનીને, એની તાલીમ મેળવીને આજે હું આપણા એ ધંધાને ખીલવી રહ્યો છું. તમારી ધ્યાન બહાર એ વાત નથી, તો પછી આ શંકા ધરવાને શું કારણ છે?

રોહણ! કારણ ન હોત તો હું આમ રામની રામાયણ કરત ખરો? કેટલાક સમયથી એક શ્રેષ્ઠિપુત્ર નામે અર્હદ્દાસ તારો મિત્ર થયો છે. એની સોબતમાં તું બેએક વાર, તેના મહાત્મા જે ધર્મદેશના આપવા અવારનવાર પધારે છે તે સાંભળવા પણ ગયેલ. એથી મારા મનમાં શંકા જન્મી છે કે-જો એ જાતનું ઉપદેશ-શ્રવણ ચાલુ રહેશે તો, જરૂર તું આ ધંધાથી હાથ ઉઠાવી લેવાનો, કરી કમાણી વેડફી દેવાનો.

એ સંતો-મહંતોને કોઇ જાતની મહેનત કરવી નહીં, અંગે પરસેવો ઉતારવો નહીં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અમુકમાં દોષ અને અમુકમાં પાપ એમ સંભળાવતા ઝોળી લઇને નીકળી પડવું. ભક્તોનાં રોટલા પર તાગડધીન્ના કરવી અને બીજાની રોજી પર છીણી મૂકવી.

મુરબ્બી ! હવે વાત સમજાણી. મિત્ર છે એ વાત સાચી, અને એની સાથે હું કુતૂહળ દ્રષ્ટિયે ઉદ્યાનમાં ગયેલો એ પણ સાચું. એથી તો આપણા ધંધાને લાભ થવાની બાતમીઓ મળી છે. બહારથી સાદા દેખાતાં, છતાં ધર્મના નામે વરસી જતાં ધનિકોના નામ મેં મેળવ્યા છે. એ પછી એમાંનાં બે ત્રણના ઘર પણ ફાડ્યા છે ! મારા પત્થર જેવા હૃદય પર એ વાણીની જરા પણ અસર થવા દીધા સિવાય, મારી છુપી હિકમત મિત્રને કળાવા દીધા વગર ઉપરનો સ્વાંગ આબેહૂબપણે ભજવ્યો છે. સમુદ્રકાંઠે જેવી ભક્તિ બગલાઓ દાખવે છે એવી જ આ બગભક્તિ છે.

શાબાશ, રોહણ, તારા વચનથી મને આશ્વાસન મળે છે. એવા વાણીવિલાસ કરનારા તો આ ધરતી પર ઘણા ફૂટી નિકળે છે ! ધર્મના નામે ઘેલછા આદરનારા પણ આ ધરતી પર ઘણા નિકળે છે ! ધર્મના નામે ઘેલછા આદરનારાનો પણ ટોટો નથી જ. પણ આપણા જેવા વ્યવસાયીને કંઇ બૈરાં-છોકરાં મહાજનમાં બેસાડવા ન પાલવે. કરતા હોઇએ તે કર્યા જવું અને ચાલાકીથી કામ લેવું કે જેથી કાળી ડગલીવાળા હાથ ઘસતા રહે ! જો કે તારા જવાબથી મને ખાત્રી થઇ છે કે તું મારા નામને ઝાંખપ નહીં આવવા દે છતાં મારી એક વાત પ્રતિજ્ઞાબદ્ધ બની નહીં સ્વીકારે ત્યાં લગી મારો જીવ ગતે નહીં જાય.

પિતાશ્રી, એ વાત જરૂર કહો; પણ આ દવા પ્રથમ પી જાવ કે જેથી નિરાંતે વાત કરી શકાય. ઓસડ એ તો સાધન છે.

ભાઇ, એ દવાનું નામ જવા દે. તૂટેલા તારને સાંધવા પ્રયાસ કરવો ત્યારે જ સફળ થાય કે એ ત્રુટ નજીવી હોય પણ જ્યાં કકડા થઇ છૂટા પડેલા ધાગા જ હોય ત્યાં એક સાંધતા તેર તૂટે જેવી દશા થાય ! મારી કાયામાં જે ધમણ ચાલી રહી છે એ જોતાં રોગ દવાથી સાધ્ય નથી, જરા પવાલામાં પાણી આપ એટલે ગળે સોસ પડી રહ્યો છે તે છીપાવી જે કંઇ કહેવાનું છે તે કહી નાંખું.

રોહણે પાણી પાયું અને લોહખુર ગળું ખોખરું કરી બોલ્યો-વત્સ ! જીવનમાં કોઇપણ વાર, પેલા મહાવીર જે ઠેરઠેર ભ્રમણ કરી કહી રહ્યા છે તે સાંભળવા જઇશ નહીં. તારા કાને તેમના ઉપદેશનો એક પણ શબ્દ પડવો ન જોઇએ. મારી સામે તેમ કરવાની પ્રતિજ્ઞા લ્યે એટલે મને નિરાંત થાય.

ઉપરનો આખો ય વાર્તાલાપ એ પિતા-પુત્ર વચ્ચેનો હોઇ એટલો સ્પષ્ટ છે કે એ અંગે એટલું જ કહેવું પર્યાપ્ત થશે કે પિતા એ લોહખુર નામા મગધનો નામીચો ચોર હતો અને એણે ચોરીના ધંધામાં વિપુળ ધન એકઠું કર્યું હતું, વૈભારગિરિની ગુફામાં એવી રીતે સંતાડ્યું હતું અને જીવનના છેડા સુધી એવી ચાલાકીથી કામ લીધું હતું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેથી રાજસુભટોના સકંજામાં તે સપડાયો નહોતો. 'શેરલોક હૉમ્સ'ના પરાક્રમ જે વીસમી સદીમાં હજારોને અજાયબી પમાડે છે અને ડીટેકટીવોની બુદ્ધિપ્રભાને કસોટીએ ચઢાવે છે એવા જ કામો આ લોહખુરના હાથે થયેલાં, પણ એ કાળ વિલક્ષણ હોવાથી, એની સર્વ નોંધો પાનાં-પુસ્તકે ચઢી નથી. આજે એ નામીચો ચોર મરણપથારીએ પડેલ જોઈ ગયા, અને એનો પુત્ર રોહણ જે 'રોહિણીયાચોર' તરીકે સાહિત્યના પાના પર ઝળકયો છે એ પણ 'બાપ તેવા બેટા' જેવી કહેવતને યાદ કરાવે તેવો હતો. એની વાતમાંથી જ 'પાકા ચોર' તરીકેની આવડત જણાઈ આવે છે. એના બાપે ધર્મના ઓથા હેઠળ ન તો ચોરી કરી હતી કે ન તો ધર્મના પડછાયે ગયો હતો જ્યારે આ દીકરાએ તો એક પગલું આગળ ભરી, અર્હદ્દાસ જેવા જૈનધર્મી જોડે મિત્રતા જોડી હતી, અરે! ધર્મશ્રવણ કરવાના મીષે એ ઉદ્યાનમાં સંતોના પગલાં થયેલ ત્યારે ગયેલો પણ ખરો! પણ વર્તનમાં નીતિકારના ટંકશાળી વચન—'मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम्' જેવું જ.

> મુખ મીઠા, જૂઠા મને જી, કૂડકપટના રે કોટ;
> જીભે તો જી જી કહેજી, ચિત્તમાંહે તાકે ચોટ.
> પ્રાણી! મ કરીશ માયા લગાર.

એ કવિશ્રી ઉદયરત્ન ગુંથીત વાકય જેવું વર્તન. કોનું ઘર ફાડવાથી ઢગલાબંધ ધન મળી શકે તેમ છે તે જાણવા અથવા તો ઉપરથી સાદાઈ ધરતા છતાં મહારિદ્ધિધારી કોણ કોણ છે તે જાણવા સારુ જ આ દોસ્તીના સ્વાંગ સજેલો! અર્હદ્દાસ જેવા ભદ્રિક જીવથી આ ચાલબાજી કયાંથી પારખી શકાય? એના અંતરમાં એક જ વાત રમતી હોય કે-ભલેને એ ચોરનો દીકરો છે છતાં મહાત્માની વાણી કાને પડશે તો બોધ પામશે અને ચોરીની બૂરી લત છોડી, કોઈ સારા ધંધે વળગવાનું મન થશે. ઓછો જ કંઈ એવો નિયમ છે કે ચોરનો દીકરો ચોર જ થાય.

તરત જ એના સમર્થનમાં કાલસૌકરિક કસાઈના પુત્રના જીવન-પરિવર્તનની વાત યાદ આવે. અભયકુમાર જેવા સજ્જનની મૈત્રી અને ગુરુમહારાજના ઉપદેશનું જ એ પરિણામ ચક્ષુ સામે તરે. અહીં પણ પોતાની મારફત આ રોહિણીયાનું જીવન કેમ બદલાઈ ન જાય. ધર્મગ્રંથોમાં મહાપાપીઓ અને નિમિત્ત મળતાં મહાન્ હત્યારાના જીવનપલટા થયાના ઉદાહરણો નોંધાયા છે. એમાં દ્રઢપ્રહારી અને ચિલાતીપુત્રના દાખલા તો નજર સામેના ગણાય. અરે! કેશી ચોરની વાત પણ કયાં સાંભળી નથી? એ માફક આનું જીવનપાનું નવેસરથી ઉઘડે, એમાં મારી મિત્રતા નિમિત્તરૂપ બને. આવા વિચારના જોરે અર્હદ્દાસ જેવો શ્રેષ્ઠીપુત્ર એક નામીચા ચોરના પુત્રનો મિત્ર બન્યો હતો.

અર્હદ્દાસના અંતરભાવ ઉપર જોવા તેવા હતાં, જ્યારે રોહિણીઆની વૃત્તિ કપટભરી હતી. એનો આશય શ્રેષ્ઠિપુત્ર સાથેની દોસ્તીનો ઉપયોગ પોતાના ટીકાપાત્ર વ્યવસાયને એવી રીતે વિકસાવવાનો હતો કે જેથી ઓછી મહેનતે લાભ વધારે મળે અને પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફ કોઈ આંગળી સરખી પણ ચીંધી શકે નહીં. આ જાતના વેશ ભજવવા સારુ એણે સંખ્યાબંધ પોશાકો, ચહેરા પલટવા સારુ જુદા જુદા સાધનો રાખ્યા હતાં, અને પાટનગરની આસપાસના પરા તેમજ નાના ગામોમાં ઓળખીતા માણસોનું એક જૂથ ઊભું કર્યું હતું. દિવસનો ઘણો ખરો સમય એ ઉજળા લેબાસમાં ફરતો અને ભાગ્યે જ કોઇ દિવસ એવો સંભવે કે જે દિને અર્હદ્દાસ ને રોહણિયો બે ચાર ઘડી કે તેથી વધુ સાથે ફરતા ન દેખાયા હોય ! વાત પણ એવી પ્રચલિત બનેલી કે બાપિકા વારસા જેવા ચૌર્યકર્મને ત્યજી દઇ લોહખુરનો આ લાડકવાયો કોઇ પ્રમાણિક ધંધામાં પડવા માંગે છે. એ સારુ શેઠપુત્રની સોબત એણે સાધી છે. દુનિયા દોરંગી છે. બહારના દેખાવ પરથી કલ્પનાના ઘોડા દોડાવનાર સમૂહ મોટા પ્રમાણમાં હોય છે. ' ભીતરની રામ જાણે ' જેવું જ લગભગ બધે બને છે. ખાનદાન કુટુંબના નબીરા સાથેની મિત્રતાએ આ ચોરપુત્રનો માર્ગ નિષ્કંટક બનાવી દીધો હતો એટલું જ નહીં પણ આસપાસ સારા કુટુંબના સંખ્યાબંધ માણસોમાં એને માટે સારી છાપ પાડી દીધી હતી.

પૂર્વે જોઇ ગયા તેમ આ ઊડતી જનવાયકા લોહખુરના કાને પણ પહોંચી હતી; અને વ્યવસાય છોડી દેશે કે શું ? એવી ભીતિ જન્માવી હતી. એ સારુ તો મરતાં મરતાં એણે પુત્રને પ્રતિજ્ઞાના બંધનમાં જકડયો. પણ રોહણ સાચે જ પાકો બનાવગીર. એના દાંત હાથીની માફક દેખાડવાના અને ચાવવાના જુદા જ હતા. એમાં એટલી હદે એ કુશળ નિવડયો કે એ વાતની જરા સરખી ગંધ અર્હદ્દાસ જેવા રોજના સાથીને પણ ન સાંપડી !

અર્હદ્દાસ આ મિત્રના જીવનસુધારને સંપૂર્ણ ઓપ આપવા સારુ ભગવંત મહાવીર પાસે લઈ જવા ઇચ્છતો હતો, અને શ્રી મહાવીર પ્રભુ નાલંદામાં પધાર્યાનું સાંભળતાં જ એણે આગ્રહ કરવા માંડયો હતો.

' રોહિણીઆ 'એ તો એ પ્રભુનો એક શબ્દ સરખો ન સાંભળવાની પ્રતિજ્ઞા રાજી-ખુશીથી લીધેલી એટલે એ મિત્રની માંગણી આડાઅવળા બહાના દેખાડી, આધી ઠેલતો હતો. આમ કેટલોક સમય પસાર થયો. દરમીઆન લોહખુર ચોર યમના દરબારે પહોંચી પણ ગયો. પિતાના શોકમાં પુત્રે લગભગ મહિના સુધી વ્યવસાય ઊંચો મૂક્યો. પુનઃ એના આરંભકાળે એક અછેરું બન્યું ! ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાધિ–સોપાન

સંગ્રાહક—ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ–મોરબી

( ગતાંક પૃષ્ઠ ૨૪ થી શરૂ )

અજ્ઞાની જીવ, પુરુષ-સ્ત્રી-નપુંસક એ ત્રણે લિંગને આત્મા જાણે છે, જ્યારે સમ્યગ્‌-જ્ઞાની તેને આત્મા ન જાણતાં પોતાના આત્માને ત્રણે લિંગથી રહિત જાણે છે.

બહુ કાલથી અભ્યાસ કરેલું, અને બરાબર નિર્ણય કરેલું ભેદ–વિજ્ઞાન પણ અનાદિ કાળના વિભ્રમથી એકદમ છૂટી જાય છે.

જે રૂપ દેખાય છે તે અચેતન છે. જે ચેતન છે તે મારા દેખાવમાં આવતું નથી તેથી અચેતન પદાર્થમાં રાગભાવ કરવો નકામો છે. મારે તો સ્વાનુભવ પ્રત્યક્ષ એવા આત્માનો જ આશ્રય કરવા યોગ્ય છે.

આત્મસ્વરૂપથી–વસ્તુસ્વરૂપથી અજ્ઞાની બાહ્ય પદાર્થોને તજે છે કે ગ્રહણ કરે છે. જ્ઞાની અંતરંગમાંના રાગાદિક પરભાવોને તજે છે અને આત્મભાવને ગ્રહણ કરે છે.

સમ્યગ્‌દૃષ્ટિ–જ્ઞાની આત્માને વચનથી અને કાયાથી ભિન્ન કરીને આત્માનો અભ્યાસ મનવડે કરે છે. અન્ય વિષયભોગોના કાર્યો છે, તેમાંથી કેટલાક વચનથી કરે છે અને કેટલાક કાયાથી કરે છે પણ સાંસારિક કાર્યોમાં મનને પરોવતા નથી.

અજ્ઞાનીને તો વિશ્વાસ અને આનંદનું સ્થાન આ જગત છે, જગતના લોકો તરફ દૃષ્ટિ છે. જ્ઞાનીને આ જગતમાં ક્યાંય વિશ્વાસ કે ક્યાંય આનંદ ભાસતો નથી. એક પોતાના સ્વભાવમાં જ આનંદ અને વિશ્વાસ જણાય છે.

આ ઇંદ્રિયોના વિષયોનું જે સ્વરૂપ છે તે મારા સ્વરૂપથી વિલક્ષણ–જુદું જ છે. મારું સ્વરૂપ તો આનંદથી ભરપૂર જ્યોતિર્મય છે.

જ્ઞાનીને તો જેથી ભ્રાંતિ દૂર થાય અને પોતાની સ્થિતિ પોતાના આત્મસ્વરૂપમાં થઇ જાય, તે જ જાણવા યોગ્ય, તે જ કહેવા યોગ્ય, તે જ શ્રવણ કરવા યોગ્ય, તે જ ચિંતવન કરવા યોગ્ય છે.

આ ઇંદ્રિયોના વિષયોમાં આત્માનું કલ્યાણ થાય તેવો કોઇ પ્રકાર નથી તો પણ બહિરાત્મા અજ્ઞાની આ શુભાશુભ વિષયોમાં જ પ્રીતિ કરે છે.

આત્મતત્ત્વ કહ્યા છતાં ન કહ્યું હોય તેની પેઠે ગ્રહણ કરે છે, તે અજ્ઞાની. અનધિકારીને કહેવાનો શ્રમ વ્યર્થ છે.

અજ્ઞાનીને જ્ઞાતજ્યોતિ પ્રગટી નથી, તેથી પરદ્રવ્યમાં જ સંતોષ માને છે. જ્યાંસુધી મન–વચન–કાયાને પોતાનું સ્વરૂપ માને છે ત્યાંસુધી સંસાર–પરિભ્રમણ જ છે. દેહાદિકથી આત્મા ભિન્ન છે એવા ભેદ–વિજ્ઞાનના અભ્યાસથી સંસારના અભાવરૂપ મોક્ષ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્ત્ર જૂનું હોય, રાતું હોય કે ધોળું હોય તો કોઈ સમજુ માણુસ પોતાને જૂનો, રાતો કે ધોળો માનતો નથી. તેવી જ રીતે શરીર ઘરડું, રાતું કે ધોળું હોય તેથી આત્મા ઘરડો, રાતો કે ધોળો છે એમ જ્ઞાની માનતા નથી.

અજ્ઞાની છે તે પ્રત્યક્ષ આ શરીરને પેસતાં નીકળતાં પરમાણુના સમૂહની રચનારૂપ દેખે છે તો પણ તેને આત્મા જાણે છે. અનાદિકાળનો આવો ભ્રમ છે. દ્રઢ, જુદું, સ્થિર, લાંબુ, સુકાઇ ગયેલું, ઘરડું, હલકું, ભારે એ બધા પુદ્ગલના ધર્મ સાથે કંઇ સંબંધ જેને નથી એવો આત્મા છે, તે કેવળજ્ઞાન સ્વરૂપ છે.

આ સંસારમાં માણુસોનો પરિચય થાય છે, પરિચય થાય એટલે વચનની પ્રવૃત્તિ થાય છે, વચન પ્રવર્તે ત્યારે મન ચંચળ થાય છે, મન ચળે ત્યારે ભ્રાંતિ થાય છે. આ ઉત્તરોત્તર કારણો છે તેથી જ્ઞાનીજનો લોકોનો પરિચય કરવો છોડી દે છે.

અજ્ઞાની બહિરાત્મા છે, તે પોતાનો વાસ નગરમાં–ગામમાં, પર્વતમાં કે વનાદિમાં જાણે છે. જ્ઞાની અંતરાત્મા છે તે પોતાનો વાસ પોતાનામાં જ ભ્રાંતિ રહિતપણે માને છે.

દેહમાં આત્મબુદ્ધિ તેજ દેહધારણ કરવાની પરંપરાનું કારણ છે. પોતાના સ્વરૂપમાં આત્મબુદ્ધિ છે તે વિદેહદશાનું કારણ છે, એટલે મોક્ષનું કારણ છે.

આ આત્મા પોતે જ પોતાનો મોક્ષ કરે છે અને પોતે જ વિપરીતરૂપે પરિણમી સંસાર ઊભો કરે છે તેથી પોતાનો ગુરુ પોતે જ છે, એ પોતાનો શત્રુ પણ પોતે જ છે. બીજા તો બાહ્ય નિમિત્ત માત્ર છે.

જે અંતરાત્મા છે તે આત્માથી કાયાને ભિન્ન જાણી અને કાયાથી આત્માને ભિન્ન જાણીને આ કાયાને મેલું બદલવાનું વસ્ત્ર હોય તેમ નિઃશંકપણે તજે છે.

શરીરથી આત્મા ભિન્ન છે, એમ જાણે છે, શ્રવણ કરે છે, પોતે મોઢે કહે છે તો પણ જ્યાં સુધી ભેદવિજ્ઞાનના અભ્યાસમાં તલ્લીનતા નથી થઇ ત્યાંસુધી શરીર ઉપરની મમતા છૂટતી નથી.

પોતાના આત્માને શરીરથી ભિન્ન એવા પ્રકારે ભાવો કે જેથી ફરી દેહને આત્મારૂપ સ્વપ્નમાં પણ ન મનાય. સ્વપ્નમાં પણ દેહથી ભિન્ન જ આત્માનો અનુભવ થાય.

અમુક માણુસને વ્રત છે કે અવ્રત છે એ રૂપ જે વ્યવહાર છે તે શુભ–અશુભ બંધનું કારણ છે. મોક્ષ છે, તે તો બંધના અભાવરૂપ છે, ( મોક્ષનું કારણ સમ્યગ્દર્શન પણ તેના અભાવરૂપ છે. જેવું કારણ હોય તેવું જ કાર્ય હોય ) વ્રત આદિક ક્રિયા છે તે પણ પૂર્વ અવસ્થામાં હોય છે. પ્રથમ અસંયમભાવને તજીને સંયમમાં લીન થવું. જ્યારે શુદ્ધ આત્મસ્વભાવ પરમ વીતરાગ સ્વરૂપમાં સ્થિત થઇ જાય ત્યારે સંયમભાવ ક્યાં રહે ?

આ જાતિ અને મુનિ કે શ્રાવકના લિંગ એટલે વેષ તે પણ શરીરના આધારે રહેલા છે. શરીરરૂપ જ સંસાર છે તેથી જ્ઞાની છે, તે જાતિમાં અને લિંગ એટલે વેશમાં પણ અહંબુદ્ધિ કે આગ્રહ રાખતા નથી પણ તજે છે.

જેને દેહમાં આત્મબુદ્ધિ છે તે પુરુષ રાતદિવસ જાગતો હોય છતાં સંસારથી છૂટતો નથી. પોતાના આત્મામાં જેને આત્માનો નિશ્ચય થયો છે તે ઊંઘતો હોય કે અસાવધાન-

For Private And Personal Use Only

ગાંડો હોય તો પણ સંસારથી છૂટે છે. જેવી રીતે બત્તી( વાટ ) દીવાને અડવાથી પોતે દીવો થાય છે તેમ જ્ઞાની સિદ્ધસ્વરૂપની આરાધનાવડે સિદ્ધપણું પામે છે. જેવી રીતે વૃક્ષમાં પોતાની જ ડાળ પરસ્પર ઘસાવાથી અગ્નિ પ્રગટ થાય છે, તેવી રીતે આત્મા પણ પરમાત્મભાવમાં જોડાઇને સિદ્ધ થઈ જાય છે.

જેવી રીતે સ્વપ્નમાં કોઇએ પોતાનું મરણ જોયું તેથી પોતે કાંઇ મરી ગયો નથી, તેવી જ રીતે જાગતા પણ પોતાનું મરણ ભ્રાંતિથી જીવ માને છે. આત્માનો તો નાશ થતો જ નથી. જે પર્યાય કે દેહ ઉત્પન્ન થયો છે, તે નાશ પામ્યા વિના રહેવાનો નથી.

હે જ્ઞાની જન ! સુખ અવસ્થામાં ભાવેલું ભેદજ્ઞાન દુઃખ આવતાં છૂટી જશે, તેથી દુઃખ અવસ્થામાં રોગ, પરિષહ આદિ અવસ્થામાં જ આત્મજ્ઞાનનો દૃઢ અભ્યાસ કરો. એ પ્રકારે ચિંતવનના પ્રભાવથી દેહાદિકમાં આત્મબુદ્ધિરૂપ જે બહિરાત્મ બુદ્ધિ તેને છોડીને અને આત્મસ્વરૂપમાં આત્મબુદ્ધિરૂપ અંતરાત્મા થઇને પરમાત્મા થવાને પુરુષાર્થ કરો.

પોતાને કે પરને પુણ્ય પાપના ઉદયના તરંગ દેખીને સમભાવ ધારણ કરો. હર્ષ શોક ન કરો. કર્મના ઉદયની લહેર સમય સમયમાં જુદી હોય છે. કર્મના ઉદયને પોતાના સ્વભાવથી ભિન્ન જાણી, જીવ અને પુદ્‌ગલની ભિન્ન ભિન્ન રચના તથા સંયોગ-વિયોગાદિ દેખી રાગદ્વેષરહિત પરમ સામ્યભાવ ધારણ કરો. તેથી પૂર્વે બાંધેલા કર્મની નિર્જરા થશે, નવા કર્મ નહિ બંધાય.

# વિરહિણી.

હું તો જાગું મોરલિયાના સાદ રે,
કે મીઠલડો ટહુકાર રે;
હો બ્હેન ! મને નેમ સાંભરે.
કે પલપલે, હો બ્હેન !
હું તો બેસું સરવરીયાની પાળ રે,
કે આંબલિયાની ડાળ રે;
હો બ્હેન ! મને નેમ સાંભરે.
કે હૈયું પ્રજળે, હો બ્હેન !
હું તો ચાલું ચાંદલિયાની સાથ રે,
કે અજવાળી રાત રે;
હો બ્હેન ! મને નેમ સાંભરે.
કે આંસુ ઢળે, હો બ્હેન !
હું તો ઊડું પવનની પાંખ રે,
કે અનંતની સાથ રે;
હો બ્હેન ! મને નેમ સાંભરે.
કે દુ:ખમાં ભજે, હો બ્હેન !
હું તો ચડું ગિરનારની ધાર રે,
કે સહસાવનની છાંય રે;
હો બ્હેન ! મને નેમ સાંભરે.
કે સ્વામી મળે, હો બ્હેન !

—પન્નાલાલ જ. મસાલીઆ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહોપાધ્યાય ધર્મસાગરગણિની જીવનરેખા.

( લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A. )

**જન્માદિ**—સ્વ. મો. દ. દેસાઇના કથન મુજબ ધર્મસાગરગણિનો જન્મ વિ. સં. ૧૫૯૫ માં લાડોલમાં 'ઓસવાલ' જ્ઞાતિમાં થયો હતો.[1] એમને એક નાનો ભાઇ[2] હતો. મહેસાણામાં એમનું મોસાળ હતું.[3].

**પ્રતિબોધક**—ધર્મસાગરગણિએ પવયણપરિક્ખા( ગા. ૪ )ની સ્વોપજ્ઞ વૃત્તિ ( પત્ર ૮ )માં કહ્યું છે કે જીવન પર્યંત વિકૃતિઓનો( વિગઇનો ) ત્યાગ કરનારા અને સંવિગ્નત્વાદિ ગુણવાળા પંડિત જીવર્ષિગણિથી હું પ્રતિબોધ પામ્યો છું.

**દીક્ષાગુરુ ને વિદ્યાગુરુ**—આનંદવિમલસૂરિએ ધર્મસાગરગણિને દીક્ષા આપી હતી.[4] આ વેળા એમની ઉમ્મર સોળ વર્ષની હતી.[5] અને દીક્ષા મહેસાણામાં અપાઇ હતી,[6] એમ સ્વ. દેસાઇએ કહ્યું છે.

**પવયણપરિક્ખા**ની ચોથી ગાથાના અવતરણ ઉપરથી જણાય છે કે [7]**વિજયદાનસૂરિ** એ ધર્મસાગરગણિના વિદ્યાગુરુ થાય છે. **તત્તતરંગિણી**( ગા. ૫૯ ) પણ આ જ વાતનું સમર્થન કરે છે.

**વિદ્યાભ્યાસ**—**સીહવિમલગણિના** શિષ્ય **દેવવિમલગણિ**એ વિક્રમની **૧૭ મી** સદીમાં રચેલા **હીરસૌભાગ્ય**( સ. ૬, શ્લો. ૫૫ ) પ્રમાણે એમણે ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. સહાધ્યાયી તરીકે **હીરહર્ષગણિ** હતા.[8] કે જેઓ આગળ જતાં **હીરવિજયસૂરિ** બન્યા.

**નિશ્રાગુરુ**—જે સમયે જેઓ ગચ્છના અધિપતિ હોય તે સમયે એ ગચ્છના અન્ય

---

૧ જૈ. સા. સં. ૪.( પૃ. ૫૬૧ )માં આમ ઉલ્લેખ છે, પણ તે ખોટો જણાય છે. કેમકે વિ. સં. ૧૫૯૬ પહેલાં એઓ દીક્ષિત થયાનું આગમોદ્ધારક કહે છે, અને જૈ. સા. સં. ૪.( પૃ. ૫૮૨ )માં પણ વિ. સં. ૧૬૦૪ માં ધર્મસાગરને હાથે લખાયેલી હાથ-પોથીનો ઉલ્લેખ છે.

૨ એજન ( પૃ. ૫૬૨ ). ૩ એજન ( પૃ. ૫૬૧ ).

૪ જુઓ **પવયણપરિક્ખા** ( વિ. ૧, ગા ૩ ).

૫–૬ જુઓ જૈ. સા. સં. ૪. ( પૃ. ૫૬૧ ). "અહીં જીવરાજ પંડિત પાસે પોતાના નાના બંધુ સહિત દીક્ષા લીધી". એમ જે કહ્યું છે તે યથાર્થ નથી, કેમકે ઉપર સૂચવ્યા મુજબ એમના દીક્ષાગુરુ તો આનંદવિમલસૂરિ છે.

૭ 'વિજય' શાખામાં 'વિજય' નામને ધારણ કરનાર તરીકે એઓ પ્રથમ છે, એમ પ્ર. પ. મ. માં આગમોદ્ધારકે કહ્યું છે.

૮ **હીરસૌભાગ્ય**( સ. ૬, શ્લો, ૪૯ )માં દેવગિરિ( દોલતાબાદ )માં ધર્મસાગર વ્રતી યાને મુનિ સાથેના અભ્યાસની વાત છે. શ્લો. ૬૬–૭૪ માં વિ. સં. ૧૬૦૭માં **હીરહર્ષગણિ**ને 'પંડિત' પદવી અપાયાની હકીકત છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિવરો માટે એઓ ' નિશ્રા–ગુરુ ' ગણાય. આવે સમયે ધર્મસાગરગણિએ જે કૃતિઓ રચી છે તેમાં એમણે પોતાને હીરવિજયસૂરિના શિષ્ય કહ્યા છે.

' ગણિ 'પદ— **હીરસૌભાગ્ય**( સ. ૬, શ્લો. ૭૧ )ની સ્વોપજ્ઞ ટીકા ( પૃ. ૨૭૦ ) માં ' દેવગિરિ '( દૌલતાબાદ )ના ચોમાસાને અંગે ઉલ્લેખ કરતી વેળા ધર્મસાગરને ' ગણિ ' કહ્યા છે એટલે આ ' ગણિ ' પદ એમને વિ. સં. ૧૬૦૬ પહેલાં મળ્યું હોવું જોઈએ. આ સંબંધમાં **શ્રી પ્રવચનપરીક્ષાની મહત્તા**, પૃ. ૧૧ )માં કહ્યું છે કે " આ ઉપરથી એમ ચોક્કસ મનાય કે શ્રીમાનની દીક્ષા ૧૫૯૬ કરતાં વહેલી હોવી જોઈએ, કારણ કે ભગવતીજીના યોગવહન કરવાથી ગણિપદ અપાય છે અને ભગવતીજીના યોગને માટે શાસ્ત્રમાં ફરમાવેલો દશ વર્ષનો પર્યાય તો જરૂરી છે. "

જો આ અનુમાન સાચું હોય તો વિ.સં.૧૫૯૫માં એમનો જન્મ થયાની વાત કેવી રીતે મનાય ? પ્ર.પ.મ. (પૃ. ૧૧) પ્રમાણે 'ગણિ' પદ વિજયદાનસૂરિએ આપેલું હોવું જોઈએ.

**' વાચક ' પદવી—હીરસૌભાગ્ય**( સ. ૬, શ્લો. ૭૫ ) પ્રમાણે હીરહર્ષને વિ. સં. ૧૬૦૮ માં ' પંડિત ' પદ અપાયું. આ વર્ષમાં વિજયદાનસૂરિએ રાજવિમલને તેમજ ધર્મસાગરને ' વાચક ' પદવી આપી.[૧]

**હસ્તાક્ષર**—' કલિકાલસર્વજ્ઞ ' હેમચન્દ્રસૂરિના ઉણાદિગણસૂત્રોદ્ધારની એક હાથપોથી ધર્મસાગરગણિએ વિ. સં. ૧૬૦૪ માં લખી હતી તે મળે છે.[૨]

**કૃતિકલાપ**—ધર્મસાગરગણિએ જઇણમરહટ્ઠી( જૈન માહારાષ્ટ્રી )માં તેમજ સંસ્કૃતમાં કૃતિઓ રચી છે. વળી એમણે પોતાની તેમજ અન્યની કૃતિઓ ઉપર ગદ્યમાં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એમની કેટલીક કૃતિઓ એક કરતાં વધારે નામે ઓળખાય છે એટલે એ નામાંતરપૂર્વક એમની કૃતિઓની એક કામચલાઉ સૂચી હું અહીં અકારાદિ ક્રમે આપું છું:—

| | |
|---|---|
| ઇરિયાવહિયવિચાર ( સં. ઇર્યાપથિકી વિચાર ) | કુવક્ખકોસિયસહસ્સકિરણ ( સં. કુપક્ષ-કૌશિકસહસ્રકિરણ ) |
| ઇર્યાપથિકીષટ્‌ત્રિંશિકા | ગુરુતત્ત્વદીપક |
| ઉટ્ટિયમયઉસ્સુત્ત ( સં. ઔષ્ટ્રિકમતોત્સૂત્ર ) | ગુરુતત્ત્વપ્રદીપદીપિકા |
| ઉત્સૂત્રખંડન | ,, નું સ્વોપજ્ઞ વિવરણ |
| ઉત્સૂત્રપદોદ્‌ઘાટનકુલક | ગુરુતત્ત્વપ્રદીપિકા |
| ઉત્સૂત્રપદોદ્‌ઘટ્ટનકુલક | ગુરુપરિવાડી ( સં. ગુરુપરિપાટી ) |
| ઉત્સૂત્રોદ્‌ઘટ્ટનકુલક | ,, ની સ્વોપજ્ઞ ટીકા |
| ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપકા- | ગુર્વાવલી |
| ઔષ્ટ્રિમતોત્સૂત્રોદ્‌ઘાટનકુલક | ગુર્વાવલી-પટ્ટાવલી |
| કલ્પકિરણાવલી | ચામુંડિકમતોત્સૂત્ર |

૧ જુઓ **હીરસૌભાગ્ય** ( સ. ૬, શ્લો. ૭૭ ).
૨ જુઓ જૈ. સા. સં. ઇ. ( પૃ. ૫૮૨ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જંબૂદ્દીપપ્રજ્ઞપ્તિ ટીકા
તત્તતરંગિણી ( સં. તત્ત્વતરંગિણી )
,, ની સ્વોપજ્ઞ ટીકા
તપાગચ્છપટ્ટાવલી
નયચક્ર
નયચક્રની વૃત્તિ
પજ્જુસણદસસયગ ( સં. પર્યુષણદશશતક )
,, ની સ્વોપજ્ઞ વૃત્તિ
પટ્ટાવલી
પર્યુષણદશશતક
પર્યુષણાશતક
પવયણપરિક્ખા ( પ્રવચનપરીક્ષા )
પવયણપરિક્ખાની સ્વોપજ્ઞ વૃત્તિ
પ્રવચનપરીક્ષા
મહાવીરવિજ્ઞપ્તિષટ્ત્રિંશિકા
,, ની સ્વોપજ્ઞ વૃત્તિ
વર્ધમાનદ્વાત્રિંશિકા
વીરદ્વાત્રિંશિકા
ષોડશકી
,, ની સ્વોપજ્ઞ વૃત્તિ
સર્વજ્ઞશતક
,, ની સ્વોપજ્ઞ વૃત્તિ.

આ તમામ કૃતિઓ ભિન્ન ભિન્ન નથી, પરંતુ એક જ કૃતિ જુદાં જુદાં નામે અન્યત્ર નોંધાયેલી હોવાથી મેં તે તે નામો પણ આપ્યાં છે. બને ત્યાંસુધી કર્તાને જે નામ અભિપ્રેત છે તે નામથી હવે આ કૃતિઓ વિષે થોડુંક કહું છું:—

**ઇરિયાવહિયવિચ્ચાર**—આ નામ કર્તાએ આ કૃતિની પહેલી ગાથામાં આપ્યું છે, અને એ આ કૃતિ જઇણમરહટ્ઠીમાં હોવાથી એને અનુરૂપ છે. અનેક પાઇય કૃતિઓ એનાં સંસ્કૃત નામે ઓળખાવાય છે તેમ આ કૃતિ એમાં ૩૬ પદ્યો હોવાથી એના **ઇર્યાપથિકી-ષટ્ત્રિંશિકા** એ સંસ્કૃત નામથી ઓળખાવાય છે. વિ. સં. ૧૬૨૯ માં રચાયેલી આ કૃતિમાં સામાયિક પછી ઇરિયાવહી પડિક્કમવી કે પહેલાં એ બાબતની ચર્ચા કરી, એ પહેલાં પડિક્કમવી એવો નિર્ણય કરાયો છે. એનું વિશેષ સ્પષ્ટીકરણ એ આ નાનકડી કૃતિમાં આગમાદિના પાઠોવડે કરાયું છે. આગમોદયસમિતિએ ગ્રંથાંક ૪૯ તરીકે **પ્રવ્રજ્યાવિધાન** ઇત્યાદિ ૧૩ કુલકો અને ધનવિજયકૃત **આભાણશતક**ની પછી પત્ર ૧૫અ–૩૮અ માં આ લઘુ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત ઇ. સ. ૧૯૨૭ માં છપાવી છે. આના પછી **ઉદ્ધિય-મયઉસ્સુત્ત** કે જે **ઔષ્ટ્રિકમતોત્સૂત્રોદ્‌ઘાટન** કુલક તરીકે ઓળખાવાય છે તે છે. ત્યાર-બાદ આ કુલક ઉપર સંસ્કૃતમાં અવચૂરિ છે. એના પછી **જિનદત્તીય–કુલક, મૂલપુરુષ-વાદ** અને **ખરતરસામાચારી** છે.

ધર્મસાગરગણિકૃત **ઇરિયાવહિયવિચ્ચાર** ઉપર **ભાનુચન્દ્ર**( ? )ની વૃત્તિ છે એમ **જિનરત્નકોશ**( ભા. ૧, પૃ. ૪૦ )માં ઉલ્લેખ છે.

' ખરતર 'ગચ્છના **જિનચન્દ્રસૂરિ**ના શિષ્ય જયસોમે વિ. સં. ૧૬૪૦ કે પછી ૧૬૪૪ માં **ઇર્યાપથિકાષટ્ત્રિંશિકા** સ્વોપજ્ઞ વૃત્તિ સહિત રચી છે. આ કૃતિ ઉપર્યુક્ત કૃતિના ઉત્તરરૂપે હોય એમ ભાસે છે.

**ઇરિયાવહિયવિચ્ચાર**ની ૩૫મી ગાથામાં આ કૃતિ વિ. સં. ૧૬૨૯ માં રચાયાનો ઉલ્લેખ છે. વિશેષમાં આ ગાથામાં આને ' સચ્ચિયબત્તીસિયા ' કહી છે. ૩૨ મી ગાથા પછી ' બત્તીસિયા રયણા ' એવો ઉલ્લેખ છે તે બત્રીસ દાંતની સંખ્યા સૂચવનાર ગાથાંક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૨ દાંત બે ઓઠવડે શોભે એમ કહી બીજી બે ગાથા અપાઇ છે અને અંતમાં ઉપસંહારરૂપે બે ગાથા છે, આમ એકંદર ૩૬ ગાથાઓ છે, એમ એક સ્થળે ઉલ્લેખ છે.

**ઉટ્ટિયમયઉસ્સુત્ત**—કર્તાએ પોતે આ નામ પહેલી ગાથામાં આપ્યું છે. જઇણુ-મરહટ્ઠીમાં **૧૮** ગાથામાં આ નાનકડી કૃતિ રચાઇ છે. ૧૮મી ગાથામાં "ચામુંડિઅમય-ઉસ્સુત્ત" ( સં. ચામુંડિકમતોત્સૂત્ર ) એવું આનું નામાંતર અપાયું છે. ચાર પ્રકારના ઉત્સૂત્રની અહીં વાત છે. ન્યૂન-ક્રિયા, અધિક-ક્રિયા, અયથાસ્થાન-ક્રિયા અને અયથાર્થ કથન. આ કૃતિ સંસ્કૃત અવચૂરિ સહિત આગમોદય સમિતિ તરફથી ગ્રંથાંક ૪૯ તરીકે ઇ. સ. ૧૯૨૭ માં પ્રસિદ્ધ કરાઇ છે, એ બાબત આપણે ઉપર નોંધી ગયા છીએ. આથી હું અહીં એ ઉમેરું છું કે આ પાઇય કૃતિને નીચે મુજબના નામે પણ ઓળખાવાય છેઃ—

ઉત્સૂત્રખંડન, ઉત્સૂત્રપદોદ્ઘાટનકુલક, ઔષ્ટ્રિકમતોત્સૂત્રોદ્ઘાટનકુલક.

પ્ર. પ. મ.( પૃ. ૧૧ )માં તેમજ **જિનરત્નકોશ**માં આ કૃતિ વિ. સં. ૧૬૧૭ માં રચાયાનો ઉલ્લેખ છે, પરંતુ મૂળ કૃતિમાં તો રચનાવર્ષનો નિર્દેશ નથી.

ઉપર્યુક્ત જયસોમના શિષ્ય ગુણવિનયે આ **ઉત્સૂત્ર-ખંડનના** પ્રત્યુત્તરરૂપે **ઉત્સૂત્રોદ્ઘાટનકુલક** નવાનગરમાં વિ. સં. ૧૬૬૫માં રચ્યું છે એમ જૈ. સા. સં. ઇ. ( પૃ. ૫૯૦ ) માં ઉલ્લેખ છે, પરંતુ આની પ્રશસ્તિ વિચારતાં ગુણવિનયે ધર્મસાગર ઉપાધ્યાયે રચેલા **ઉત્સૂત્રોઘટ્ટનકુલકના** ખંડનરૂપે **ઉત્સૂત્રોદ્ઘટ્ટન-કુલકખંડન** નવ્યનગરમાં વિ. સં. ૧૬૬૫ માં રચ્યું છે, એમ જાણી શકાય છે.[1]

**ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા**—શું આ કૃતિ તે **ઉટ્ટિયમયઉસ્સુત્ત** ( સં. ઔષ્ટ્રિક-મતોત્સૂત્ર )થી ભિન્ન છે ? આ નામ વિચારતાં તો એ કોઈ વૃત્તિ હોય એમ લાગે છે. આ **ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકાને** અંગે જૈ. સા. સં. ઇ.( પૃ. ૫૮૧ )માં એવો ઉલ્લેખ છે કે 'ખરતર' ગચ્છના ખંડનરૂપે આ કૃતિ વિ. સં. ૧૬૧૭માં રચાઈ છે અને એના કર્તા ધર્મસાગરે પોતાને હીરવિજયસૂરિના શિષ્ય તરીકે ઓળખાવેલ છે. **જૈન ગ્રંથાવલી**( પૃ. ૧૫૮ ) પ્રમાણે **ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા** વિ. સં. ૧૬૧૭માં રચાયેલી છે અને એ ૭૧૬ શ્લોક જેવડી છે, જ્યારે **ઔષ્ટ્રિકમતોત્સૂત્રોદ્ઘાટનકુલક** ૨૨ ગાથાનું છે ( નહીં કે ૧૮ ).

**કલ્પકિરણાવલી**—આ **પજ્જોસવણાકપ્પ** ઉપરની ગદ્યમાં સંસ્કૃતમાં વિ. સં. ૧૬૨૮ માં ( રાધનપુરમાં રચાયેલી વૃત્તિ છે, અને એ જૈન આત્માનંદ સભા તરફથી મુનિ રામ( હવે સૂરિ )વિજયજીની પ્રસ્તાવનાપૂર્વક ઇ. સ. **૧૯૨૨** માં છપાઇ છે.

આ વૃત્તિમાંની કેટલીક બાબતો વાસ્તવિક નથી એમ વિનયવિજયગણિએ વિ. સં. **૧૬૯૬** માં રચેલી **સુબોધિકામાં** કહ્યું છે. આ **સુબોધિકાના** સંપાદક આગમોદ્ધારકે આને અંગે સંસ્કૃતમાં ટિપ્પણો આપ્યાં છે અને કેટલેક સ્થળે ધર્મસાગરગણિના વક્તવ્યનું સમર્થન કર્યું છે તો કોઇ કોઇ સ્થળે એમની વાત સમુચિત નથી એમ પણ કહ્યું છે.

[1] આ ઉપરથી એમ લાગે છે કે **ઉત્સૂત્રોદ્ઘટ્ટનકુલક** એ **ઉટ્ટિયમયઉસ્સુત્તનું** નામાંતર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મસાગરગણિના શિષ્ય પદ્મસાગરે **સુબોધિકાની** સમાલોચનારૂપે એક કૃતિ રચી છે, અને એનું અશ્લીલ નામ રાખ્યું છે[1] એવું કોઇક સ્થળે વાંચ્યાનું મને સ્ફુરે છે. શું આનું જ બીજું નામ **વિનયભુજંગમયૂરી** છે કે પછી વિનયવિજયગણિનાં વિવિધ વિધાનોની સમાલોચનારૂપ અન્ય કોઇ કૃતિનું આ નામ છે? **અમૃતસાગરગણિએ વિનય-ભુજંગમયૂરી** રચ્યાનું કહેવાય છે તે કઇ કૃતિ?

**ગુરુતત્ત્વદીપક**—આ નામની કૃતિ **પટ્ટાવલીસમુચ્ચય**( ભા. ૨, પૃ. ૨૬૯ )માં ધર્મસાગરગણિની કેટલીક કૃતિઓની નોંધ લેતાં નિર્દેશાઇ છે, પણ એનો પરિચય અહીં અપાયો નથી.

**ગુરુતત્ત્વપ્રદીપદીપિકા**—જૈ. સા. સં. ઇ.( પૃ. ૫૮૩ )માં આની "ષોડશશ્લોકી-ગુરુતત્ત્વપ્રદીપદીપિકા સવિવરણ" એમ નોંધ છે. એ જોતાં એ **જિનરત્નકોશ** ( ભા. ૧, પૃ. ૧૦૭ )માં નોંધાયેલી **ગુરુતત્ત્વદીપિકા** જ છે એમ લાગે છે.

**ગુરુતત્ત્વપ્રદીપિકા**—**જિનરત્નકોશ**( ભા. ૧, પૃ. ૧૦૭ )માં સવિવરણ **ષોડશ-શ્લોકી** એવા નામાંતરવાળી આ કૃતિની નોંધ છે. આ નામની સાર્થકતા બાબત અહીં એવો ઉલ્લેખ છે કે **ગુરુતત્ત્વપ્રદીપને** આધારે એની રચના થયેલી છે. આ કૃતિની પૂર્વે [2]**ઉત્સૂત્રકંદકુદ્દાલ** એવા અન્ય નામવાળી **ગુરુતત્ત્વપ્રદીપની** નોંધ છે. આના કર્તા ધર્મ-સાગરગણિ નથી, પરંતુ વિ. સં. ૧૬૦૬ માં લખાયેલી આની હાથપોથી એમના કહેવાથી ઉતારાઇ લેવાયાની અહીં હકીકત છે. જૈનાનંદ પુસ્તકાલયમાં ગુરુતત્ત્વપ્રદીપની આઠ વિશ્રામ પૂરતી એક હાથપોથી છે. એમાં પ્રત્યેક વિશ્રામને અંતે આ કૃતિનું બીજું નામ **ઉત્સૂત્રકંદ-કુદ્દાલ** પણ અપાયું છે, પરંતુ કર્તાનું નામ નથી.

પ્ર૦ ૫૦ મ૦( પૃ. ૧૧ ) માં એક હજાર જેટલા ગ્રંથાગ્રવાળી **ગુરુતત્ત્વદીપિકાની** નોંધ ધર્મસાગરગણિની અન્યાન્ય કૃતિઓ પૈકીની એક તરીકે છે. એ જ **ષોડશકીની** સ્વોપજ્ઞ વૃત્તિ હોય એમ ભાસે છે. (ચાલુ)

---

૧ મતભેદમાંથી મનોભેદ જન્મે એ દુઃખદ ઘટના છે. કોઇ વ્યક્તિના વિચારોનું ખંડન કરતી વેળા એ વ્યક્તિને અંગે મમે તેવા વિશેષણો વપરાય અને એને ઉતારી પાડ-વાની મનોદશા સેવવા સંયમી ગણાતી વ્યક્તિ પણ તૈયાર થાય એ મોહરાજનો વિજય સૂચવે છે.

૨ આને અંગે મેં "કુમતિકુદ્દાલ, કુમતિમતકુદ્દાલ, ઉત્સૂત્રકંદકુદ્દાલ ઇત્યાદિ" નામના લેખમાં થોડીક બાબત રજૂ કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવનગર.

# શ્રી જૈનધર્મ પ્રસારક સભાનો

## સં. ૧૯૯૯ ના કાર્તિકથી સં. ૨૦૦૬ ના આસો સુધીનો

# આઠ વર્ષનો સંક્ષિપ્ત રિપોર્ટ.

વિક્રમ સંવત ૧૯૯૯ ના અશાડ માસના "શ્રી જૈનધર્મ પ્રકાશ" ના અંકમાં શ્રી જૈનધર્મ પ્રસારક સભાનો વિ. સં. ૧૯૯૮ નો એટલે કે એકસઠમા વર્ષનો વાર્ષિક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. વિ. સં. ૨૦૦૦ માં આપણી સભાના આજીવન પ્રમુખ સ્વ. શ્રીયુત કુંવરજીભાઇ આણંદજીની શારીરિક પ્રકૃતિ કંઈક અસ્વસ્થ રહેવા લાગી અને સં. ૨૦૦૧ ના પોસ માસમાં તેઓશ્રી સ્વર્ગસ્થ થયા. ત્યારબાદ થોડા જ સમયમાં સભાના મુખ્ય કારકુન મોહનલાલ મગનલાલ શાહ પણ સ્વર્ગવાસી થયા એટલે તાત્કાલિક નામું તથા સરવૈયા તૈયાર થઇ શક્યા નહિ.

ત્યારબાદ ચડેલ હિસાબી-કામને પહોંચી વળવા માટે શ્રી પ્રાણજીવનદાસ છોટાલાલને, મહેનતામણની રકમ આપીને, રોકવામાં આવ્યા. તેમણે સં. ૧૯૯૯ થી સં. ૨૦૦૫ સુધીના સરવૈયા તૈયાર કર્યાં. આ કાર્યમાં શ્રી ડાહ્યાલાલ છોટાલાલ શાહ તથા શ્રી બેચરલાલ નાનચંદ શાહે સારો સહકાર આપ્યો. દરેક વર્ષનો વિગતવાર હેવાલ આપવામાં આવે તો ઘણો જ લાંબો રિપોર્ટ થઇ જાય એટલે દરેક વર્ષની મહત્ત્વની હકીકત સંક્ષિપ્ત રૂપમાં આપવામાં આવી છે. છેવટે છેલ્લી સાલનું એટલે કે સં. ૨૦૦૬ નું સરવૈયું આપવામાં આવ્યું છે કે જેથી સભાની નાણાંકીય સ્થિતિ સમજી શકાય.

સં. ૧૯૯૮ ની આખરે ૭ પેટ્રન સાહેબો, ૩૨૩ લાઇફ મેમ્બરો, ૧૪૮ વાર્ષિક મેમ્બરો અને ૧ ઑનરરી મેમ્બર મળી કુલ ૪૮૫ સભાસદો હતા, જ્યારે સં. ૨૦૦૬ ની આખરે ૧૮ પેટ્રન સાહેબો, ૪૦૮ લાઇફ મેમ્બરો, ૧૭૬ વાર્ષિક મેમ્બરો અને ૧ ઑનરરી મેમ્બર મળી કુલ ૬૦૩ સભાસદો છે, જે સભાની પ્રગતિ અને ચાહના દર્શાવે છે.

## પેટ્રન સાહેબોની નામાવલિ.

| | |
|---|---|
| *શેઠ માણેકલાલ મનસુખભાઈ | અમદાવાદ |
| *શેઠ બબલચંદ કેશવલાલ મોદી | " |
| સર ચીનુભાઇ પ્રેમચંદ રાયચંદ | મુંબઇ |
| શેઠ માણેકલાલ પ્રેમચંદ રાયચંદ | " |
| રાવસાહેબ કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીયા | " |
| શેઠ માણેકલાલ ચુનીલાલ | " |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| શેઠ મોહનલાલ તારાચંદ | મુંબઈ |
| શેઠ મણિલાલ દુર્લભજી | ” |
| શેઠ હીરાલાલ અમૃતલાલ | ” |
| *શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા | ” |
| રાવબહાદુર શેઠ જીવતલાલ પ્રતાપશી | ” |
| શેઠ ભોગીલાલભાઈ મગનલાલ | ભાવનગર |
| શેઠ રમણિકલાલ ભોગીલાલ | ” |
| પારેખ ચુનીલાલ દુર્લભજી | ” |
| રાવબહાદુર શેઠ નાનજી લધાભાઈ | નાની ખાખર (કચ્છ) |
| શેઠ નરોત્તમદાસ કેશવલાલ | ઘાટકોપર |
| શ્રી વીરચંદ પાનાચંદ શાહ | વીરનગર |
| શેઠ મણિલાલ વનમાળીદાસ | કલકત્તા |

## મેનેજીંગ કમિટી

| પ્રમુખ | ઉપપ્રમુખ |
|---|---|
| શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી B. A. LL. B. | શેઠ ભોગીલાલભાઇ મગનલાલ |

## સેક્રેટરીઓ

| | |
|---|---|
| શ્રી અમરચંદ કુંવરજી શાહ | શ્રી દીપચંદ જીવણલાલ શાહ B. A. B.SC. |

## મેનેજીંગ કમિટીના સભાસદો

| | |
|---|---|
| શ્રી ખાન્તિલાલ અમરચંદ વોરા | શ્રી ભીમજીભાઇ હરજીવન સુશીલ |
| શ્રી છોટાલાલ નાનચંદ શાહ | શ્રી ચુનીલાલ દુર્લભજી પારેખ |
| શ્રી ગુલાબચંદ આણંદજી દોશી | શ્રી ભાઈચંદભાઇ અમરચંદ વકીલ B. A. LL. B. |
| શ્રી જગજીવન શિવલાલ પરીખ B. SC. LL. B. | શ્રી ગુલાબચંદ લલ્લુભાઇ શાહ |
| શ્રી નગીનદાસ કુંવરજી કાપડિયા | શ્રી ખેચરલાલ નાનચંદ શાહ |
| શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A. | શ્રી ચત્રભુજ જયચંદ શાહ B. A. LL. B. |
| શ્રી કુંદનલાલ કાનજીભાઇ શાહ M. A. | શ્રી કાંતિલાલ જગજીવન દોશી M. |

## કાર્યવાહી

આ વર્ષો દરમિયાન વહીવટી તથા અન્ય કામકાજ માટે વારંવાર મેનેજીંગ તથા ... રલ કમિટીઓ બોલાવવામાં આવેલ, પરન્તુ મહત્વના કામકાજની નોંધ નીચે પ્રમાણે છે

*આ ગૃહસ્થો સં. ૨૦૦૭ માં સ્વર્ગસ્થ થયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સં. ૨૦૦૦ ની સાલથી " શ્રી જૈન ધર્મ પ્રકાશ " નું વર્ષ ચૈત્ર માસને બદલે કાર્તિકથી શરૂ કરવામાં આવ્યું.

સં. ૨૦૦૧ ના માહ શુદિ ૯ ને સોમવારના રોજ જાણીતા થીઓસોફિસ્ટ નેતા શ્રી જિનરાજદાસ સભાની મુલાકાતે આવેલ તે પ્રસંગે જાણીતા પ્રતિષ્ઠિત શહેરીઓ પણ તેમની સાથે આવેલ અને સભાની કાર્યવાહી, લાઇબ્રેરી તથા પુસ્તક-પ્રકાશનની પદ્ધતિ જોઇ પ્રશંસા કરેલ.

સં. ૨૦૦૧ ના માહ શુદિ ૧૫ ને રવિવારના રોજ સ્વ. શ્રી કુંવરજીભાઇ આણંદજીની સ્વર્ગવાસ તિથિ પોસ શુદિ ૧૧ ના રોજ કાયમી પૂજા ભણાવવા માટે શ્રી છોટાલાલ નાનચંદ શાહ તરફથી રૂા. ૨૫૦) તથા સ્વર્ગસ્થની પુત્રી શ્રી જશકોર બહેન તરફથી રૂા. ૧૦૦) મળી કુલ રૂા. ૩૫૦) સ્વીકારવામાં આવ્યા અને પ્રતિવર્ષ તેના વ્યાજમાંથી પૂજા ભણાવાય છે.

સં. ૨૦૦૨ ના જેઠ વદિ ૦)) અને અશાડ શુદિ ૧૧ ને બુધવારની મિટીંગમાં સ્થાનિક મેમ્બરોના મત પત્રકથી મેનેજીંગ કમિટીની ચૂંટણી કરવાનું નિર્ણીત કરવામાં આવ્યું અને તે માટે નીચે પ્રમાણે પાંચ ગૃહસ્થોની એક ચૂંટણી-કમિટી નીમવામાં આવેલ.

શ્રી અમરચંદ કુંવરજી શાહ શ્રી દીપચંદ જીવણલાલ શાહ
શ્રી ગુલાબચંદ આણંદજી દોશી શ્રી જીવરાજભાઇ રતનશી શાહ
શ્રી બેચરલાલ નાનચંદ શાહ.

સં. ૨૦૦૨ ના અશાડ વદિ ૭ ની જનરલ કમિટીમાં આવેલ મતપત્રકો પરથી ચુંટાયેલ મેનેજીંગ કમિટીની જાહેરાત કરવામાં આવી, જે કમિટીના નામો આ રિપોર્ટમાં શરૂઆતમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. પ્રમુખ તરીકે શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી, ઉપપ્રમુખ તરીકે શ્રી ભોગીલાલભાઇ મગનલાલ શેઠ અને ઓનરરી સેક્રેટરીઓ તરીકે શ્રી અમરચંદ કુંવરજી શાહ તથા શ્રી દીપચંદ જીવણલાલ શાહની ચૂંટણી કરવામાં આવી.

સં. ૨૦૦૪ ના અશાડ વદિ ત્રીજ ને શનિવારના રોજ સભાના આજીવન પ્રમુખ અને ઉત્કર્ષ કરનાર સ્વ. શ્રી કુંવરજીભાઇ આણંદજીના આરસના બસ્ટ માટે રૂા. ૩૦૦૦) મંજૂર કરવામાં આવ્યા.

સં. ૨૦૦૬ ના માગશર શુદિ ૧૩ ને શનિવારના રોજ સભાના ઉત્કર્ષમાં વૃદ્ધિ કરનાર અને સાહિત્યસેવી સ્વ. શ્રી મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાને માનપત્ર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

સં. ૨૦૦૬ ના માહ વદિ ત્રીજના રોજ " જૈન ધર્મ પ્રકાશ " માસિકને અસહ્ય ખોટ પડતી હોઇને તે દૂર કરવા માટે " પ્રકાશ "નું લવાજમ જે અત્યાર પર્યન્ત રૂા. ૧-૮-૦ હતું તે વધારીને સં. ૨૦૦૬ ના કાર્તિકથી રૂા. ૩-૦-૦ કરવામાં આવ્યું.

સં. ૨૦૦૬ ના વૈશાખ શુદિ પુનમ તથા પ્રથમ અશાડ શુદિ ૧૨ ને મંગળવારના રોજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ. શ્રી કુંવરજીભાઈ આણંદજીનું આરસનું બસ્ટ રાવસાહેબ શ્રીયુત કાન્તિલાલ ઇશ્વરલાલના હસ્તે પ્રથમ અશાડ વદિ ૯ શનિ, તા. ૮ મી જુલાઇ ૧૯૫૦ ના રોજ ખુલ્લું મુકાવવાનું નિર્ણીત કરવામાં આવ્યું અને તેને માટે નીચેના ગૃહસ્થોની કમિટી નિયુકત કરવામાં આવી.

| | |
|---|---|
| શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી | શ્રી ભોગીલાલભાઈ મગનલાલ શેઠ |
| શ્રી અમરચંદ કુંવરજી શાહ | શ્રી દીપચંદ જીવણલાલ શાહ |
| શ્રી ખાંતિલાલ અમરચંદ વોરા | શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ |

આ ઉપરાંત વિનંતિપત્રો મંજૂર કરવામાં, વહીવટી કાર્યો અંગે તેમજ બજેટ સંબંધી મિટીંગો મેળવવામાં આવેલ.

તદુપરાંત શ્રી નેમચંદ ગિરધરલાલ કાપડિયા, શ્રી કુંવરજીભાઇ આણંદજી, શ્રી ગિરધરલાલ દેવચંદ, શ્રી જાદવજીભાઇ નરશીદાસ, શ્રી પરમાણંદ અમરચંદ વોરા વિગેરેના અવસાન સંબંધે શોકદર્શક મિટીંગો મેળવવામાં આવેલ.

## શ્રી સભા ખાતું

સં. ૧૯૯૮ ની આખરે આ ખાતામાં રૂા. ૧૨૭૩૩ાાાન્ના દેવા હતા તે સં. ૨૦૦૬ ની આખરે ૯૬૭૫ાાન્ના દેવા રહ્યા છે. આ ખાતામાં શ્રી "જૈન ધર્મ પ્રકાશ" ની ખોટ ખાતાના ખેંચાતાં રૂા. ૭૦૦૦) સાત હજાર માંડી વાળવામાં આવ્યા છે. આ ઉપરાંત આ ખાતામાંથી કાર્તિક શુદિ છઠ્ઠના રોજ જ્ઞાન સમીપે, વૈશાખ શુદિ આઠમે પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની મૂર્તિ સમીપે પૂજા ભણાવવામાં આવે છે. સભાની લાઇબ્રેરી માટે દૈનિક વર્તમાન પત્રો, અઠવાડિક, પાક્ષિકો, માસિકો તેમજ વાંચવા યોગ્ય નૂતન પુસ્તકો મગાવવામાં આવે છે તેમજ અત્રેની શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને રૂા. ૧૨૫) શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળાને રૂા. ૧૦૦) અને શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન સામાયિકશાળાને રૂા. ૨૦) વાર્ષિક ગ્રાંટ તરીકે આપવામાં આવે છે.

## સભાસદની ફી ખાતું

આ ખાતામાં સભાના મકાનના ભાડા તથા વાર્ષિક સભાસદની ફી જમા કરવામાં આવે છે અને નોકર પગાર, કંટીજંટ ખર્ચ, મેળાવડા તથા માનપત્રો વગેરેનો ખર્ચ કરવામાં આવે છે. સં. ૧૯૯૮ ની આખરે આ ખાતે ૪૩૬૯ાાન્ના દેવા હતા તે સં. ૨૦૦૬ ની આખરે ૩૫૫ાાન્ના દેવા રહ્યા છે.

## લાઇફ મેમ્બરની ફી ખાતું

આ ખાતે સં. ૧૯૯૮ માં ૩૧૨૭૮ા જમા હતા તે સં. ૧૯૯૯ થી સં. ૨૦૦૬ ની આખર સુધીમાં નવા પેટ્રનો તથા લાઇફ મેમ્બરોની વૃદ્ધિ થતાં ૪૬૯૭૫ા જમા થયા છે.

## શ્રી જૈન ધર્મ પ્રકાશ ખાતું

યુદ્ધકાળ દરમિયાન કાગળો તથા પ્રીન્ટીંગના ભાવો વધતા ગયા અને યુદ્ધની પૂર્ણાહૂતિ પછી પણ પરિસ્થિતિમાં સુધારો થવાને બદલે મોંઘવારી વધતી ચાલી. "શ્રી જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ પ્રકાશ " ની પડતર કિંમત પણ વધીને રૂા. ચાર જેટલી થઇ ગઇ. વર્ષોથી જૈન ધર્મના પ્રચારનો જે આદર્શ સભાએ સેવેલ તે આદર્શ પાર પાડવા માટે "પરિસ્થિતિ સુધરી જશે " એવા આશાવાદમાં રહીને માત્ર રૂા. દોઢના લવાજમે માસિક આપવું ચાલુ જ રાખ્યું અને પડતી ખોટને પહોંચી વળવા માટે " શ્રી જૈન ધર્મ પ્રકાશ સહાયક ફંડ " શરૂ કરવામાં આવ્યું. જો કે શરૂઆતના બે ત્રણ વર્ષોમાં આ ફંડમાં સારી રકમની સહાય મળી પરંતુ પાછળથી તે સહાય મંદ થતી ગઇ અને છેવટે સં. ૨૦૦૬ માં " પ્રકાશ " ના લવાજમમાં વધારો કરવામાં આવ્યો.

વિષમ પરિસ્થિતિને કારણે " પ્રકાશ " ને આશરે રૂા. દશ હજાર ઉપરાંતની ખોટ સહન કરવી પડી. " પ્રકાશ " હમેશાં ઊંચા પ્રકારના ગ્લેઝ કાગળ પર છપાય છે અને વાંચન પણ પૂરતું આપવામાં આવે છે એટલે તેની પડતર કિંમત ઊંચી રહે છે. વળી જે લવાજમનો વધારો કરવામાં આવ્યો છે તે તો ફક્ત ગ્રાહક બંધુઓને જ લાગુ પડે છે, સભાના લાઇફ મેમ્બરોને તો તે ભેટ તરીકે આપવું જ રહ્યું એટલે હજી પણ વર્ષ દહાડે થોડી ખોટ સહન કરવી પડે છે.

" પ્રકાશ સહાયક ફંડમાં " કોણે કોણે કેટલી રકમની સહાય આપેલ તે તે વખતના " પ્રકાશ " માસિકમાં વિગતવાર દર્શાવવામાં આવેલ છે. છેવટે સં. ૨૦૦૬ ની સાલમાં " પ્રકાશ " ખાતે ખેંચાતી રૂા. ૭૦૦૦) સાત હજારની રકમ સભા ખાતે માંડી વાળવામાં આવી છે.

" પ્રકાશ " નો જે પ્રચાર છે, " પ્રકાશ " પ્રત્યે ગ્રાહકોની જે ચાહના છે અને " પ્રકાશ " પ્રત્યે લેખકબંધુઓનો જે આદરભાવ છે તે માટે " પ્રકાશ " હંમેશા મગરૂરી ધરાવે છે અને હજી પણ જૈન ધર્મના વિશેષ ને વિશેષ પ્રચાર માટે પ્રયાસ કરતા રહેવાની મનોભિલાષા છે. " પ્રકાશ " જેટલા દીર્ઘ આયુષ્યવાળું એક પણ માસિક જૈન સમાજમાં નથી, જે પરમકૃપાળુની કૃપાનું જ ફળ છે. " પ્રકાશ " સહાયક ફંડમાં જે જે દાતાઓએ મદદ કરી છે તેઓ પ્રકાશના ઉત્કર્ષના યશના ભાગીદાર છે અને તે અંગે તેઓનો આભાર વ્યક્ત કરવામાં આવે છે. ખાસ કરીને સર ફીકાભાઇ પ્રેમચંદે આ સહાયકફંડમાં ૫૦૦–૧૦૦૦–૫૦૦ એ પ્રમાણે રૂા. ૨) બે હજારની મદદ કરેલ છે, જે અભિનંદનીય છે. " સહાય " ની નોંધ નીચે પ્રમાણે—

સં. ૧૯૯૯ રૂા. ૧૦૮૬) ( રૂા. ૧૦૦૦, સર ફીકાભાઇ પ્રેમચંદ )
સં. ૨૦૦૦ રૂા. ૫૦૭ા ( રૂા. ૫૦૦, „ „ )
સં. ૨૦૦૧ રૂા. ૧૨૪) ( ગ્રાહક બંધુઓ )
સં. ૨૦૦૨ રૂા. ૨૧૦૬ા ( સભાસદ બંધુઓ, ગ્રાહકો અને પરચુરણ )
સં. ૨૦૦૩ રૂા. ૭૦૫ાાા– ( ગ્રાહક બંધુઓ વિગેરે )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સં. ૨૦૦૪ રૂા. ૪૨૩) ( ગ્રાહક બંધુઓ વિગેરે )
સં. ૨૦૦૫ રૂા. ૧૫૦) ( ,, )
સં. ૨૦૦૬ રૂા. ૧૯૧) ( ,, )

અમુક અમુક પ્રસંગને અનુલક્ષીને "પ્રકાશ"ના સ્પેશ્યલ અંકો પ્રગટ કરવામાં આવ્યા હતા. સ્વ. શ્રી કુંવરજીભાઇનો સ્મરણાંક, સ્વ. શ્રી વિજયનેમિસૂરિજીને અર્ધ્યાંજલિ અંક, શ્રી મોતીચંદભાઈ સન્માન-સમારંભ અંક, શ્રી કુંવરજીભાઈ બસ્ટ-અનાવરણ વિધિ અંક. વિગેરે વિગેરે.

"પ્રકાશ"ની અમુક નકલો પૂ. સાધુ-સાધ્વીજીઓને તેમજ કેટલીક સંસ્થાઓને ભેટ તરીકે મોકલવામાં આવે છે.

## શ્રાવણ શુદિ ત્રીજ, વર્ષગાંઠ ખાતું.

યુદ્ધકાળ દરમિયાન અને પછી પણ સામુદાયિક જમણ પર પ્રતિબંધ હોવાથી સભાની વર્ષગાંઠને દિવસે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી સવારના પૂજા ભણાવવામાં આવે છે અને બપોરના ટી-પાર્ટી કરવામાં આવે છે.

## કાર્તિક શુદિ છઠ્ઠ

આ દિવસે પણ સવારના જ્ઞાન સમીપે પંચજ્ઞાનની પૂજા ભણાવવામાં આવે છે અને બપોરના હાલના કાયદા અનુસાર ટી-પાર્ટી કરવામાં આવે છે.

## લાઇબ્રેરી

સભા હસ્તક નમૂનેદાર લાઇબ્રેરી છે. ધાર્મિક પુસ્તકો વિશાળ સંખ્યામાં છે, જેનો લાભ વિશેષ સંખ્યામાં લેવાય છે. વર્ષોવર્ષ નવા નવા પુસ્તકો વસાવવામાં આવે છે. લાઈબ્રેરી ખાતે ૧૧૧૫૬ા- ના પુસ્તકો છે.

## શ્રી જીવદયા

આ ખાતું સભા સંભાળે છે. આ ખાતે ફંડ પણ ઠીક છે. દરવર્ષે વ્યાજુ રકમના દનિયા પળાવવામાં આવતાં અને પર્યુષણના આઠે દિવસ માછલાની જાળ છોડાવવામાં આવતી અને તેને માટે વાર્ષિક રૂા. ૮૦૦ થી ૯૦૦ ) નો ખર્ચ કરવામાં આવતો, પરન્તુ નિર્વાસિત લોકોના આગમન પછી આ વ્યવસ્થા બરાબર રીતે ન સચવાઇ શકાવાથી એ વર્ષથી આ કાર્ય બંધ કરવામાં આવ્યું છે. સભા હસ્તક આ ખાતાના રૂા. ૮૮૫૫ા૭ છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર સરકારના ત્રણ ટકાના વ્યાજના રૂા ૩૪૦૦ (૨૦૦૦+૧૪૦૦) ના બોન્ડ છે.

## પ્રકીર્ણ

જનતામાં જ્ઞાનની ભૂખ જાગે અને સુસંસ્કારોનું સિંચન થાય તેવા હેતુથી સં. ૨૦૦૨ માં સભા તરફથી "ભાષણ-શ્રેણિ" ગોઠવવામાં આવેલ પણ તેને બહુ આવકાર ન મળવાથી ત્રણ ચાર પ્રવચનો બાદ તે યોજના પડતી મૂકવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) સં. ૨૦૦૨ ના અશાડ વદિ ૦)) ને રવિવારના રોજ બપોરના સાડાચાર વાગે શ્રી ભીમજીભાઈ હરજીવન સુશીલનું **"ભગવાન મહાવીરનો શ્રમણયુગ"** એ વિષય પરત્વે પ્રવચન રાખવામાં આવેલ.

(૨) સં. ૨૦૦૨ના શ્રાવણ શુદ ૭ ને રવિવારના રોજ **"ભગવાન મહાવીર અને કલ્પસૂત્ર"** એ વિષય પરત્વે શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશીનું પ્રવચન રાખવામાં આવેલ.

(૩) સં. ૨૦૦૨ ના ભાદરવા શુદ પાંચમના રોજ સવારના "ક્ષમાપના-મહોત્સવ" રાખવામાં આવેલ જે સમયે પૂ. મુનિરાજશ્રી વિજ્ઞાનવિજયજી, પૂ. મુનિશ્રી ચેતનવિજયજી તથા શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશીના "ક્ષમા" ને લગતા પ્રવચનો થયા હતા.

(૪) શ્રી ૨૦૦૨ ના આસો વદિ ૮ ને શુક્રવારના રોજ સવારના નવ વાગે સદ્-ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજની પુણ્યતિથિ ઉજવવામાં આવેલ. જે પ્રસંગે પૂ. મુનિરાજશ્રી વિજ્ઞાનવિજયજી, પૂ. મુનિશ્રી ચેતનવિજયજી, શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી, શ્રી જગજીવનદાસ પોપટલાલ પંડિત અને શ્રી અમરચંદ માવજીના સ્વર્ગસ્થના જીવનને અંગે પ્રેરણાદાયક પ્રવચનો થયેલ.

સભા તરફથી વર્ષો થયા સંસ્કૃત વર્ગ ચલાવવામાં આવે છે, જેનો ઘણા જૈન-જૈનેતર બંધુઓ લાભ લઇ રહ્યા છે.

એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષાના સેન્ટર તરીકે સભા કાર્ય કરે છે.

સ્વ. શ્રી કુંવરજીભાઇ આણંદજીના આરસના બસ્ટનો અનાવરણ-મહોત્સવ ભારે ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. તે સમયે બહારગામથી સેંકડો શુભેચ્છાના સંદેશાઓ આવ્યા હતા તેમજ રાવસાહેબ શ્રી કાંતિલાલ ઇશ્વરલાલના અધ્યક્ષપદે, બીજા બહારગામના માનવંત મહેમાનોની હાજરી વચ્ચે, આ પ્રસંગ સફળતાપૂર્વક પાર પડ્યો હતો. બસ્ટ શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયાની જાતિદેખરેખ નીચે, જાણીતા શિલ્પી વાઘ હસ્તક તૈયાર થયેલ હોઇ ઘણું જ આકર્ષક અને સુરમ્ય બનેલ છે. બસ્ટ સભાના ઉપરના હોલમાં મધ્ય સ્થળે ગોઠવવામાં આવ્યું છે.

આ ઉપરાંત શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાને માનપત્ર આપવાનો મેળાવડો પણ શ્રી નટવરલાલ માણેકલાલ સુરતીના પ્રમુખસ્થાને કરવામાં આવેલ, જે પ્રસંગ પણ ભારે ઉમળકાભેર ઉજવાયો હતો. આ બંને પ્રસંગોને અનુલક્ષીને "શ્રી જૈન ધર્મ પ્રકાશ" ના ખાસ અંકો પ્રગટ કરવામાં આવ્યા હતા.

પ્રાંતે અમો એટલું જ ઇચ્છીએ છીએ કે-સભાસદ બંધુઓ આ સભાને પોતાની ગણી તેના ઉત્કર્ષ માટે ફાળો આપે અને એ રીતે જ્ઞાન-પ્રચાર અને જૈન ધર્મના પ્રચારના મહદ્ પુણ્યના ભાગ્યશાળી બને. અમોને મળેલ સહકાર બદલ સૌ કોઇનો આભાર વ્યક્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

## સં. ૨૦૦૬ ના આસો વદ ૦)) સુધીનું સરવૈયું.

**જ**

| | |
|---|---|
| ૯૬૭૫ા≈ા | શ્રી સભા ખાતે |
| ૩૫૫ા≈ાા | શ્રી સભાસદની ફી ખાતે |
| ૪૬૯૭૫ા | શ્રી લાઇફ મેમ્બરની ફી |
| ૪૬૪૦ાા−ાા | શ્રાવણ શુદી ત્રીજ વર્ષગાંઠ |
| ૫૦૦) | કાર્તિક શુદિ છઠ્ઠ–ટી–પાર્ટી |
| ૮૮૫૫ા≈ | શ્રી જીવદયા ખાતે |
| ૨૪૦૪ા૦ા | શેઠ ત્રિભુવન ભાણજી કન્યાશાળા |
| ૭૬૦ા≈ | બહેન મોંઘી લગ્ન સ્મારક |
| ૩૭૪)−ાા | શ્રાવણ શુદી ત્રીજ માછલાની જાળ છોડાવવા |
| ૨૦૬)≈ા | કાર્તિક શુદી બીજે શ્રી ઉજમબાઇ કન્યાશાળામાં પ્રભાવનાના |
| ૮૭ા૦ાા | શ્રી જૈન બોર્ડીંગ ખાતે |
| ૪૦૦ાા≈ા | શ્રી કુંવરજીભાઇ સ્વર્ગવાસ તિથિ પૂજા ભણાવવા ખાતે |
| ૧૦૩૪ાાા≈ | ગાંધી અમરચંદ ઘેલાભાઇ તરફથી પુસ્તક છપાવવા |
| ૨૩૪ા−ા | અઠ્ઠમાતીને પ્રભાવના ખાતે |
| ૬૯૦૭)≈ાા | બુકો છપાવવાના, બુકસેલરોના પરચુરણ ખાતે |
| ૨૩૩ા≈ | વાર્ષિક મેમ્બરોના તથા લાઇબ્રેરી ડીપોઝીટના |
| ૧૩૫ાાા≈ા | ઉબલેક ખાતે દેવા |
| ૮૩૭૩૦ાાા≈ | |

**ઉ**

| | |
|---|---|
| ૧૬૨૫ા−ા | શ્રી જૈનધર્મ પ્રકાશ ખાતે |
| ૧૧૧૫૬ા− | શ્રી લાઇબ્રેરી ખાતે |
| ૭૦ાાા−ાા | શ્રી ટિકીટના મેળ ખાતે |
| ૫૧૪૩)૦ાાા | વેચવાના પરભાર્યા પુસ્તકો ખાતે |
| ૭૭૭૯ાાા≈ાાા | સભાની છપાવેલી બુકો |
| ૨૫૬૯૫)≈ | સભાના મકાન ખાતે |
| ૨૩૨૮૫ા≈ા | સૌરાષ્ટ્ર બેંક ખાતે |
| ૨૪૧૭)≈ાા | શ્રી કુંવરજી આણંદજી સ્મારક ફંડ ખાતે |
| ૪૨૬૨ાા≈ાા | ભાડુતો, કાગળ, બુકસેલરો વિગેરે પાસે લેણા. |
| ૫૪૩ાા− | વાર્ષિક મેમ્બરો પાસે |
| ૬૯૫) | ઉબળેક વી. પી. વિગેરેના |
| ૧૦૬૧ાાા−ા | શ્રી પુરાંત જણસે રોકડા |
| ૮૩૭૩૬ા≈ાાા | પાા૦ાા ફે. |

આ સરવૈયું સં. ૨૦૦૭ ના આસો વદિ ૧૩ ની મેનેજીંગ કમિટીમાં અને સં. ૨૦૦૮ ના કાર્તિક શુદિ ૭ ને સોમવારની જનરલ કમિટીમાં મંજૂર કરવામાં આવેલ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકીર્ણ

## ચાતુર્માસ—પરિવર્તન.

વડવામાં બિરાજતા મુનિરાજશ્રી ચંદ્રકાંતસાગરજી મહારાજ તથા મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજે કાર્તિકી પૂર્ણિમાના રોજ શેઠ ભોગીલાલભાઇ મગનલાલને બંગલે ચાતુર્માસ બદલ્યું હતું. તે જ દિવસે બપોરે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની જયંતિ મુનિરાજશ્રીના અધ્યક્ષસ્થાને ઉજવવામાં આવેલ, જે પ્રસંગે ઠીક પ્રવચનો થયેલ.

કાર્તિક વદિ એકમને દિવસે સ્વ. ગોવીંદલાલ ગાંડાલાલની ધર્મપત્ની હીરાગી બાઈની વિનંતિથી તેમની ફેક્ટરીએ પધારેલ, જ્યાં બપોરના પૂજા ભણાવવામાં આવેલ અને રાત્રિના ભાવના થયેલ. પરંતુ મધ્ય રાત્રિએ એકાએક અગ્નિપ્રકોપ થતાં મહામુશીબતે શાસનદેવની કૃપાથી મુનિરાજશ્રી આદિ સર્વનો બચાવ થયેલ. વદિ ત્રીજને દિવસે શ્રી ખોડીદાસ હેમચંદ રાયલીના મકાને પધારતાં પૂજા ભણાવવામાં આવેલ. સંઘના આગ્રહથી મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી કા. વ. ૧૨ થી સમવસરણના વંડે વ્યાખ્યાન આપવા માટે પધારે છે. મા. શુ. ત્રીજને દિવસે અગ્નિ-પ્રકોપના અકસ્માત્ સમયે તનતોડ મહેનત કરનાર નિર્વાસિત બંધુ બચુભાઇ તથા ભાવસાર તારાચંદ મોહનલાલને પારિતોષિક આપવાનું નિર્ણીત થયું હતું.

શ્રી ચુનીલાલ દુર્લભજી પારેખના બંગલે ચાતુર્માસ રહેલ પં. શ્રી કનકવિજયજી આદિ ઠાણા કાર્તિકી પૂર્ણિમાના રોજ શ્રી રવચંદ ગોરધનને ત્યાં ચાતુર્માસ પરિવર્તન માટે પધાર્યા હતા, જ્યાં બપોરના પૂજા ભણાવવામાં આવેલ. બાદ વદિ એકમના રોજ શ્રી ભોગીલાલભાઇ મગનલાલ શેઠના બંગલે પધાર્યા હતા જ્યાં બપોરના પૂજા ભણાવવામાં આવેલ. તેઓશ્રી કા. વ. ૧૧ ને રવિવારના અત્રેથી વિહાર કરી પાલીતાણા પધારતાં વરતેજ મુકામે સારી સંખ્યામાં જનતા ગઇ હતી. બપોરના પૂજા ભણાવવામાં આવેલ.

---

## કાળધર્મ પામ્યા

પં. શ્રી કંચનવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી ભરતવિજયજી અત્રે વડવાના ઉપાશ્રયે લાંબા સમયથી પક્ષઘાતની બીમારી ભોગવતા હતા. તેઓશ્રી કા. વ. ૨ ને ગુરુવારના સાંજના પાંચ કલાકે સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા છે. તેઓશ્રીનો અગ્નિસંસ્કાર કા. વ. ૩ ના રોજ કરવામાં આવેલ. વડવાના સંઘે મુનિશ્રીની સારી રીતે વૈયાવચ્ચ કરી હતી.

પં. શ્રી કંચનવિજયજી પણ પાટણખાતે ખેતરવસીના ઉપાશ્રયે કાર્તિક શુદિ ૩ ના રોજ સમાધિપૂર્વક સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ વર્ષે તેમના ગુરુદેવ આ. શ્રી વિજયભક્તિસૂરિજી સાથે ચાતુર્માસ રહ્યા હતા. વાની બીમારી લાંબા સમયથી હતી. પૂ. ગુરુદેવે સારી રીતે આરાધના કરાવી હતી. સ્વર્ગસ્થ પંન્યાસશ્રીએ શાસનસેવાના સારાં કાર્યો હતા તેમજ સાહિત્યોદ્ધાર પણ કરેલ.

બંને મુનિરાજો ભાવસાર જ્ઞાતિના હતા. વડવાના દેરાસરે ભાવસાર બંધુઓ તરફથી બંને મુનિરાજોના આત્મકલ્યાણાર્થે અઠ્ઠાઈ મહોત્સવાદિ કરવામાં આવેલ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## સંયુક્ત અંક

સને ૧૯૫૨ થી "શ્રી જૈનધર્મ પ્રકાશ" માસિકની પ્રસિદ્ધિની તા. ૨૫ મી મંજૂર થઇને આવવાથી, ડીસેમ્બર તા. ૫ મીનો માર્ગશીર્ષ માસનો આ અંક પ્રગટ થયા પછી હવે પછીનો પોષ-મહાનો સંયુક્ત અંક તા. ૨૫ મી જાન્યુઆરી પોસ વદિ ૧૪ ને શુક્રવારના રોજ બહાર પડશે.


જીવનને સ્પર્શતા પ્રશ્નોને સંક્ષિપ્તમાં સમજાવતાં

અવશ્ય વાંચો. **પાંચ પુષ્પો** વસાવી લ્યો.

| | | | |
|---|---|---|---|
| ત્રણ મહાન તકો | ૦-૧૦-૦ | આદર્શ દેવ | ૦-૧૦-૦ |
| સફળતાની સીડી | ૦-૧૦-૦ | ગુરુ દર્શન | ૦-૧૦-૦ |
| સાચું અને ખોટું | ૦-૧૨-૦ | | |

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

## શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

**[ નવી આવૃત્તિ-અર્થ સાથે. ]**

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની આ સુધારેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ. શ્રી કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે.

કિંમત પાંચ આના. પોસ્ટેજ અલગ. લખો.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**


## ખેદકારક સ્વર્ગવાસ

ભાવનગરનિવાસી શ્રી પરમાણંદ નરશીદાસ શાહ ૫૮ વર્ષની વયે સં. ૨૦૦૮ ના કાર્તિક શુદિ તેરસ ને રવિવારના રોજ સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી સ્વભાવે મિલનસાર, શાંત પ્રકૃતિના તથા વ્યાપારરસિક હતા. સ્વર્ગસ્થે હાલમાં જ અત્રેના સંઘને ઉપાશ્રય બનાવવા માટે જમાદારની શેરીના પોતાના મકાનની અમુક જગ્યા અર્પણ કરેલ છે. આ ઉપરાંત અત્રેના મોટા જિનાલયમાં શ્રી શાંતિનાથ ભગવાનને તથા દાદા સાહેબમાં શ્રી ચંદ્રપ્રભુને ગાદીનશીન કરવામાં ભાગ લીધો હતો, અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના સુપુત્ર બાબુભાઇ વિગેરે આપ્તજનોને દિલાસો આપીએ છીએ.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only